CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883




Page 03

# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 03, Issue : 335, Dt. 02-05-2026 (SATURDAY) Rs. 02/- Page : 17, RNI No. GUJGUJ/2023/84789

**દવાના નામે ઝેર !**

# રાજ્યમાં 1.21 કરોડનો નકલી જથ્થો ઝડપાયો

- અમદાવાદ સહિત વડોદરા, સાવલી અને ભરૂચ જેવા સ્થળોએ ફાર્મા પેઢીઓ પર દરોડા
- મેડિકલથી લઇ ફાર્મા કંપની સુધી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની તવાઈ: અનેક ભોપાળા ખૂલ્યા

## આયુર્વેદિક દવામાં એલોપેથિક ઘટકો મળ્યા : કોડીન ઘટક ધરાવતી સીરપનો મોટો જથ્થો મળ્યો: લાયસન્સ વગર દવાનું વેચાણ : પ્રિસ્ક્રિપ્શન વગર ઓનલાઇન ગેરકાયદે ઈન્જેક્શનનું વેચાણ




**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વિવિધ સ્થળોએ દવાના નમૂનાઓનું સતત પરીક્ષણ કરી ભેળસેળ-વેચાણ કરતાં તત્વો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે અમદાવાદની ફાર્મા પેઢીઓ પરના દરોડામાં અંદાજે રૂ. ૧.૨૧ કરોડથી વધુ રકમનો શંકાસ્પદ દવાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત તંત્ર દ્વારા વડોદરા, સાવલી અને ભરૂચ જેવા સ્થળોએ ફાર્મા પેઢીઓ પર દરોડા પાડીને શંકાસ્પદ દવાનો જથ્થો જપ્ત કરીને કાર્યવાહી કરવામાં આવી છે.

અમદાવાદ શહેરમાં પવન ફોર્મ્યુલેશન દ્વારા કોડીન ઘટક ધરાવતી સીરપનું મોટા પ્રમાણમાં સંગ્રહ કરવામાં આવતું હતું. તપાસ દરમિયાન સ્થળ પરમોટા પ્રમાણમાં નાર્કોટિક, આદત બનાવનારી અને દુરુપયોગ માટે સંવેદનશીલ દવાઓ મળી આવી હતી. આ ઉપરાંત તપાસ દરમિયાન ખરીદી અને વેચાણના રેકોર્ડમાં પણ ગંભીર પ્રકારની ક્ષતિઓ જોવા મળી હતી. અહી આશરે રૂ. ૭૬.૫૧ લાખ કરતાં વધુની કિંમતની દવાઓનો જથ્થો પ્રોહિબિટ કરવામાં આવ્યો હતો.

વધુમાં, અમદાવાદના મે. યુસુફ મેડીસીન્સ, ગોમતીપુર ખાતે HABBE AUJA નામની આયુર્વેદિક દવામાં એલોપેથિક ડાયક્લોફેનેક ઘટક મળી આવતા તેને સ્પૂરિયસ (બનાવટી) જાહેર કરી અંદાજિત રૂ. ૧૨ હજારની દવાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. Times Medicament Pvt. Ltd. મંજૂરી વિના જગ્યા બદલવા અને મોન્જારો ઈન્જેક્શનના બિલિંગમાં અનિયમિતતા બદલ રૂ. ૪.૬૦ લાખની દવાઓ જપ્ત કરવામાં આવી છે. મે. AEDMAX LIFECARE, AHMEDABAD દ્વારા REXCRON-T SYRUP-કોડીન સીરપના ગેરકાયદેસસર વેચાણ સાથે સંકળાયેલ પેઢીના પરવાના ૧૫ દિવસ માટે સ્થગિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત Maxila Mediscience Pvt. Ltd. દ્વારા Tramadol અને Alprazolam જેવા સાયકોટ્રોપીક ઘટક ધરાવતી દવાઓનું ઉત્પાદન કરવામાં આવતું હતું.

### ALPHARD PHARMA કંપની એક્સ્પોર્ટ પરમિટ કાયમી રદ

ઉપરાંત ભરૂચની ALPHARD PHARMA કંપની દ્વારા પણ 'ટાપેનટાડોલ હાઇડ્રોક્લોરાઇડ'ના ઊંચા ડોઝ ધરાવતી દવાઓનું ઉત્પાદન કરવામાં આવતું હતું. ભારત સરકાર દ્વારા એનઓસી રદ કરવામાં આવતા FDCA ગુજરાતે આ કંપનીની આ બનાવટ્ની એક્સ્પોર્ટ પરમિટ કાયમી રદ કરી છે.

### નશાકારક દવાના વેચાણ બદલ ઉત્પાદક પેઢીનું લાયસન્સ રદ

ઉપરાંત વડોદરાની M/S. AMICO FORMULATION LLP નામની દવા ઉત્પાદક પેઢી દ્વારા 'ટાપેનટાડોલ હાઇડ્રોક્લોરાઇડ' દવાના ઊંચા ડોઝનું ઉત્પાદન કરવામાં આવતું હતું. આ દવાઓનો આટલો ઊંચો ડોઝ તબીબી સારવારને બદલે માદક દ્રવ્ય તરીકે નશાના હેતુ માટે વપરાય તેવી પૂરી શક્યતા હોવાથી તંત્ર દ્વારા આ પેઢીની ઉત્પાદન પરમિટ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવી છે.

### દવાના નમૂનાઓ પણ રીપોર્ટમાં ફેલ

તંત્ર દ્વારા સાવલી તાલુકાના ઘંટીયાળ ગામે દરોડો પાડવામાં આવ્યો હતો. અહી તપાસ દરમિયાન M/S. AMICO FORMULATION LLP પેઢીના કુલ ૨૨ નમૂનાઓ લેવામાં આવ્યા હતા. જે પૈકી વડોદરાની લેબોરેટરી દ્વારા 'MIXACRIP CAPLETS'નો નમૂનો "Not of Standard Quality" જાહેર કરવામાં આવ્યો છે. અપ્રમાણસર જાહેર થયેલી દવાનો 'Stop Sale' અને 'Product Recall' માટે કંપનીને નોટિસ આપવામાં આવી છે તેમજ તમામ દવાનો જથ્થો હાલ સાવલી પોલીસ દ્વારા જપ્ત કરીને કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે.

# મનપા, જિલ્લા-તાલુકા પં.ના પદાધિકારીઓ માટે સેન્સ શરૂ

## રાજકોટ મેયર પદ માટે બ્રાહ્મણ અથવા પાટીદાર સમાજને પ્રભુત્વ મળશે, OBC કોર્પોરેટરોની ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ ચેરમેન માટેની માગણી



## ભાજપ સંકલન સમિતિ દ્વારા ત્રણ-ત્રણ નામોની પેનલ તૈયારઃ લાલ ગાડી તથા હોદ્દાઓ માટે તમામ કોર્પોરેટરોની દાવેદારી નોંધાવી

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગર પાલિકા અને જિલ્લા પંચાયતની ચૂંટણી પૂર્ણ થયા બાદ હવે પદાધિકારીઓની નિમણુંક માટે સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આજે રાજકોટ શહેર અને જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે પ્રદેશના નિરીક્ષકો દ્વારા મહાનગર પાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પદાધિકારીઓ માટે ચૂંટાયેલા નગરસેવકોની સેન્સ લેવામાં આવી રહી છે.

જેમાં રાજકોટ મહાનગર પાલિકાના મેયર પદ પર સામાન્ય અનામત કારણે બ્રાહ્મણ અથવા પાટીદાર સમાજને સ્થાન આપવામાં આવે તેવી શક્યતા સેવાઈ રહ છે માટે OBC સમાજના ચૂંટાયેલા નગરસેવકો દ્વારા ડેપ્યુટી મેયર પદ માટે સેન્સ આપવામાં આવી રહી છે.



ઉલ્લેખનીય છે કે રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ માટે OBC પુરુષ અનામત હોવાથી ત્યાં કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા અર્જુન ખાટરીયાનું નામ મોખરે ચાલી રહ્યું છે.

રાજકોટ મહાનગર પાલિકાની ચૂંટણી પૂર્ણ થયા બાદ આજે પદાધિકારીઓ માટેની સેન્સ પ્રક્રિયા રાજકોટ શહેર કમલમ કાર્યાલય ખાતે ચાલી રહી છે. પ્રદેશના નિરીક્ષકો નટુજી ઠાકોર, સીતાબેન પટેલ અને નિલેશભાઈ ઓડેદરા રાજકોટ આવી ચૂંટાયેલા નગરસેવકો તેમજ તેમના વોર્ડ પ્રમુખ અને મહામંત્રીને સાંભળી તેમની સેન્સ સ્વીકારી રહ્યા છે જે પ્રક્રિયા આજે દિવસ દરમિયાન ચાલશે અને તમામ ૧૮ વોર્ડની સેન્સ પૂર્ણ થયા બાદ નિરીક્ષકો દ્વારા તમામનો બાયોડેટા પ્રદેશ મવડી મંડળ સમક્ષ રજૂ કરશે અને આગામી સપ્તાહ દરમિયાન પાર્લામેન્ટરી બોર્ડની બેઠક બાદ પદાધિકારીઓના નામની જાહેરાત કરવામાં આવશે.

રાજકોટ મહાનગર પાલિકાના હોદ્દેદારો માટે બ્રાહ્મણ સમાજમાંથી પરેશ ઠાકર, નેહલ શુકલા, મનીષ ભટ્ટનું નામ મોખરે છે જયારે પાટીદાર સમાજમાંથી દિલીપ લુણાગરિયા, પરેશ પીપળીયા, કેતન પટેલનું નામ મોખરે ચાલી રહ્યું છે. OBC સમાજમાંથી ઘનશ્યામ હેરભા, જાનકીબેન કાટોડિયા, પ્રદિપ ડવ, નિલેશ હેરભા અને કાળું કુગશીયાનું નામ મોખરે ચાલી રહ્યું છે.

આ ઉપરાંત લોહાણા સમાજની નારાજગીને ધ્યાનમાં રાખી લોહાણા સમાજના મહિલા કોર્પોરેટર વર્ષાબેન પાંધી, નીતાબેન લાલ અને દક્ષાબેન વસાણીને કોઈ એક પદમાં સમાવિષ્ટ કરવામાં આવે તેવી શક્યતા સેવાઈ રહી છે.

બીજી તરફ આજે અને આવતીકાલ એમ બે દિવસ રાજકોટ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સેન્સ પ્રક્રિયા ચાલવાની છે. જેમાં રાજકોટ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગોંડલ નગરપાલિકાના પદાધિકારીઓ માટે સેન્સ લેવામાં આવી રહી છે. પ્રદેશના નિરીક્ષક રાકેશ શાહ, કૌશલ્યકુંવરબા અને રાજેન્દ્ર પટેલ દ્વારા સેન્સ લેવામાં આવી રહી છે.

## કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા અર્જુન ખાટરીયાનું જિલ્લા પંચાયતમાં નામ મોખરેઃ બ્રાહ્મણ, પાટીદાર સમાજનો દબદબો પણ મોખરે

## ઋષિભારતી આશ્રમમાં ગર્લફ્રેન્ડ સાથે રંગરેલિયા મનાવે છેઃ કીર્તિ પટેલ

# ઋષિભારતીને કીર્તિની ખુલ્લી ધમકીઃ ધોતિયું કાઢી રોડ પર દોડાવીશ

## જગદીશ વિશ્વકર્મા અને સાંસદ ગેનીબેન ઠાકોર એ ભાઈ-બહેન જેવા છે; તું સ્ત્રીઓ કરતા પણ ભૂંડો છો. બે સમાજને લડાવવાનું કામ કરશ

સિટી ન્યૂઝ@રાજકોટ

તાજેતરમાં બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર અંગે ભાજપના નેતા જગદીશ વિશ્વકર્મા (પંચાલ) દ્વારા "સાડીના પાલવ/પલ્લુ" અંગે અપાયેલા વિવાદાસ્પદ નિવેદનને કારણે મોટો રાજકીય વિવાદ સર્જાયો છે. આ અંગે ઋષિભારતીએ કોઈ નિવેદન આપ્યું હતું. જેને લઈને વિવાદાસ્પદ કીર્તિ પટેલે ઈન્સ્ટાગ્રામમાં બે રીલ બનાવીને ઋષિ ભારતી બાપુની આકરી ઝાટકણી કાઢતા કહ્યું હતું કે હું તમારા ધોતિયા ઢીલા કરી દઈશ અને ઉભા રોડ પર દોડાવીશ

કીર્તિ પટેલે વિડીયોમાં જણાવ્યું હતું કે ઋષિભાઈ હજુ તો તને સન્માનપૂર્વક બોલાવું છું. મારે તને જવાબ દેવો નહોતો, જો કે નારી શક્તિની બહુ મોટી મોટી વાતો કરે છે એટલે મને તારા ઉપર હસી આવી ગઈ છે. તારા ઉપર અનેક આરોપો છે.તને એમને એમને નથી કાઢ્યો, તે સન્યાસ લીધા પછી પણ તારી એક નારી ઉપર કેવી નજર હતી એ તને ખબર છે. બે વર્ષ પૂર્વે મેં જ તારા રૂમમાંથી ખજાનો લટકાવી લટકાવી દેખાડ્યો હતો. અત્યારે તો તે તારા પારેવડા (પત્ની ) નું ઓપરેશન કરી કરીને પાતળી બનાવી દીધેલ છે. હા તારો ખજાનો..હા તારી જોડી. ઋષિ તે સન્યાસ લીધા પછી તારો કોઈ સમાજ હોતો નથી, આમ છતાં તું સમાજને આગળ મુકશ. તારા માટે ૧૮ વર્ણ સરખા હોવા જોઈએ,તું હજુ સુધી ખોટા કામ ભૂલ્યો નથી. તું હજુ લંબે નારાયણ આશ્રમમાં તારી ગર્લફ્રેન્ડને લઈને બેઠો છો.આ આશ્રમ તારા બાપનું નથી. આ આશ્રમમાંથી પણ તને ધક્કો મારી કાઢવામાં આવશે. તું સ્ત્રીઓ કરતા પણ ભૂંડો છો.તું નારી શક્તિને વાતું કરતો નહી, તું તારા સમાજનો પણ થયો નથી. તને માઈક દેશે કોણ ? બનાસકાંઠાની અંદર કોઈ ખોટું બોલ્યું નથી. બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર અંગે ભાજપના નેતા જગદીશ વિશ્વકર્માના નિવેદન અંગે તું બે સમાજને ઝગડો કરાવવા માંગે છે. આ બન્ને નેતા ભાઈ બહેન જેવા છે. તારા જેવા ....સમાજને ઉશ્કેરે છે.તું આ બાયુંવેળા બંધ કરી દે અને તારા બાયળીએ જે ઓપરેશન કરાવ્યું છે તે પાતળી પરી જેવી બની ગઈ છે તેને સાચવજે તું.. હજુ તારા કાંડ એટલા છે કે ધોતિયું પકડવા જેવો પણ તું નહી રે.. તારે બનાસકાંઠામાં ચુંટણીમાં જવું છે, તારે ચુંટણી લડવી છે તું શું હાલી નીકળ્યો છે તને જુનાગઢના આશ્રમમાંથી પણ કાઢી નાખવામાં આવ્યો હતો યાદ છે ને.. હવે તું માપે મેળે રહેજે હો.. તું લંબે આશ્રમમાં ગર્લફ્રેન્ડ સાથે રંગરેલીયા મનાવશ, ખબર છે ને .. બાકી તું ધોતી પહેરવા જેવો નહિ રે, તને ઉભા રોડ ઉપર દોડાવીશ.




## ઋષિ તું માપેમેળે રહેજે,તું લંબે આશ્રમમાં ગર્લફ્રેન્ડ સાથે રંગરેલીયા મનાવશ,ખબર છે ને : કીર્તિ પટેલ

# રાજકોટમાં શિક્ષણ ક્રાંતિ : પ્રથમ હાઈટેક ઈંગ્લીશ મીડિયમ સરકારી સ્કૂલ શરૂ

## 29 સ્માર્ટ ક્લાસ, ઇ-લાઇબ્રેરી અને આધુનિક લેબ સાથે પ્રાઈવેટ સ્કૂલને ટક્કર







## લાખો રૂપિયાની ફી ઉઘરાવતી ખાનગી શાળાઓને ટક્કર મારે તેવી આ અંગ્રેજી માધ્યમની સરકારી માધ્યમિક શાળા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતની સ્થાપનાકાળના ૬૬ વર્ષ બાદ રંગીલા શહેરમાં સામાજિક કાર્યકરો અને શિક્ષણ વિભાગના પ્રયત્નોથી અલ્પવિકસિત ગણાતા ભગવતીપરા વિસ્તારમાં રૂ.૧૯ કરોડના ખર્ચે હાઈટેક અંગ્રેજી માધ્યમની સરકારી માધ્યમિક શાળાનું નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યાં એડમિશન પ્રક્રિયા શરૂ થતા એક જ દિવસમાં ૧૫ વિદ્યાર્થીઓના પ્રવેશ થઈ ચૂક્યા છે.

૨૦૦૦ વિદ્યાર્થીઓની કેપેસિટી ધરાવતા બિલ્ડિંગમાં ૨૯ સ્માર્ટ ક્લાસ, લાઇબ્રેરી, ઇ લાઇબ્રેરી, સાયન્સ અને કોમ્પ્યુટર લેબ, એક્ટિવિટી રૂમ, કાઉન્સિલિંગ રૂમ, બેડમિંટન કોર્ટ, ટેબલ ટેનિસ કોર્ટ, ઇન્ડોર ગેઇમ્સ રૂમ, વોલીબોલ ટ્રેક, કબડ્ડી ગ્રાઉન્ડ અને એથ્લેટીક્સ ટ્રેક ઉપરાંત કેન્ટીનની સુવિધા પણ છે. આ સરકારી સ્કૂલ પર જવા માટે સીટી બસની સુવિધા પણ ઉપલબ્ધ છે. રૂટ નંબર ૪૩ અને ૮૬ ની બસ આ સ્કૂલ સુધી જાય છે.

લાખો રૂપિયાની ફી ઉઘરાવતી ખાનગી શાળાઓને ટક્કર મારે તેવી આ અંગ્રેજી માધ્યમની સરકારી માધ્યમિક શાળા સરકારી સ્કૂલમાં ધો. ૧થી ૮માં ભણેલા વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બની રહેશે. ખરેખર શિક્ષણ વિભાગ દ્વારા આ સરકારી શાળાનો પ્રચાર પ્રસાર કરવાનો હોય છે પરંતુ તે બીડું સામાજિક કાર્યકરોએ ઝડપ્યું હોય તેમ આ સ્કૂલની સ્પેશિયલ વીડિયોગ્રાફી કરાવી અને તેનો ન માત્ર રાજકોટ શહેર જ પરંતુ સૌરાષ્ટ્રમાં પ્રચાર પ્રસાર કરવામાં આવી રહ્યો છે.

રાજકોટ મહાનગરપાલિકાએ ભગવતીપરામાં સરકારી શાળાનું બિલ્ડિંગ બનાવવામાં આવ્યુ છે. મ્યુનિસિપલ કમિશનરની આગેવાની હેઠળ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા અહીં અંગ્રેજી માધ્યમની સરકારી માધ્યમિક શાળા મંજૂર કરવામાં આવેલી છે. ૨૦૨૫ના જુલાઈ મહિનામાં મંજૂરી મળી હતી, પરંતુ ત્યારે શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયું હોવાથી સ્કૂલ શરૂ થઈ શકી ન હતી. જોકે ચાલુ વર્ષે વેકેશનથી જ અહીં પ્રવેશની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જ્યાં વિદ્યાર્થીઓને સરકાર તરફથી મળતા તમામ લાભો મળવાના છે. જેથી અહીં વધુમાં વધુ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે તે માટેના પ્રયત્નો શરૂ કર્યા છે.

રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે જણાવ્યું હતું કે, આ શાળા એવા બાળકો માટે ઉપયોગી થવાની છે કે જેઓ ધો. ૧થી ૮માં RTEમાં અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં અભ્યાસ કરે છે. અત્યારસુધી આ પ્રકારના બાળકોને ઉચ્ચ અભ્યાસ માટે એક કે બે જ ગ્રાન્ટેડ શાળાઓ હતી. જ બંને શાળામાં RTEના તમામ વિદ્યાર્થીઓનું પ્રવેશ થઈ શકે તેમ ન હતો. આ સંજોગોમાં વાલીઓને ન છૂટકે પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમમાંથી ગુજરાતી માધ્યમમાં ધો.૯થી ભણાવવા પડતા હતા અને જો ધો. ૯માં પણ ગુજરાતી માધ્યમની સરકારી માધ્યમિક શાળામાં પ્રવેશ ન મળે તો ફી ભરીને ખાનગી શાળામાં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરાવવો પડતો હતો. જેથી આ પ્રકારના બાળકોને અંગ્રેજી માધ્યમની સરકારી માધ્યમિક શાળા આશીર્વાદરૂપ બની રહેશે.

### ઈંગ્લિશ મીડિયમ સરકારી શાળાની સુવિધા

- ૩.૧૯ કરોડના ખર્ચે આધુનિક શાળાનું નિર્માણ
- ૨૦૦૦ વિદ્યાર્થીઓની કેપેસિટી
- ૨૯૦૦૦ ચોરસ મીટરમાં પથરાયેલું સ્કૂલ
- ૨૯ ક્લાસરૂમ સહિત ૫૦ રૂમ
- સ્પોર્ટ્સ બિલ્ડિંગમાં બેડમિન્ટન કોર્ટ, ટેબલ ટેનિસ કોર્ટ અને ઇન્ડોર ગેમ્સ
- સ્પોર્ટ્સ ગ્રાઉન્ડમાં વોલીબોલ ટ્રેક, કબડી ગ્રાઉન્ડ અને એથ્લેટિક્સ ટ્રેક
- કેન્ટીન રૂમમાં સ્ટોરરૂમ, રસોડું, ડિનિંગ રૂમ

# રાજ્યમાં શુદ્ધતા નામે એનલોગ પનીરનું વેચાણ

## 4193થી વધુ એકમોની તપાસ

## એપ્રિલમાં મેન્યુફેક્ચરિંગ યુનિટ, રેસ્ટોરન્ટ, ઢાબા અને હોકર્સ સહિતનાં એકમોમાં તપાસ



## 1018 કિગ્રા શંકાસ્પદ પનીરનો નાશ કરાયોઃ ગંભીર બેદરકારી બદલ 18 એકમોને સીલ કરી રૂપિયા 2.84 લાખનો દંડ કરાયો

સિટી ન્યૂઝ@ગાંધીનગર

રાજ્યમાં શુદ્ધ પનીરના નામે રેસ્ટોરન્ટ, ઢાબા અને હોકર્સ ઝોન સહિતની દુકાનોમાં એનલોગ પનીરનું વેચાણ થતું હોવાની શંકાએ કુલ ૪,૧૯૩ એકમોમાં તપાસ હાથ ધરાઈ હતી.જેમાં ૧,૦૧૮ કિગ્રા શંકાસ્પદ પનીરનો નાશ કરાયો છે અને ગંભીર બેદરકારી બદલ ૧૮ એકમોને સીલ કરી રૂ ૨.૮૪ લાખનો દંડ કરાયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર નાગરિકોના સ્વાસ્થ્ય સાથે કોઈપણ પ્રકારના સમાધાન ન કરવાની નીતિ પર મક્કમ છે. આ પ્રતિબદ્ધતાને દોહરાવતા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ આજે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર સાથે સમીક્ષા બેઠક યોજી હતી. મંત્રીએ રાજ્યમાં ચાલી રહેલી સ્પેશિયલ ડ્રાઈવને વધુ વેગવાન અને તીવ્ર બનાવવાના આદેશ આપ્યા છે.આરોગ્ય મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું હતું કે, જે કોઈ પણ લોકો એનાલોગ પ્રોડક્ટને પનીર તરીકે વેચીને જનતા સાથે છેતરપિંડી કરશે, તેમને છોડવામાં આવશે નહીં. સરકાર ભેળસેળિયા તત્વો સામે શૂન્ય સહનશીલતા (Zero Tolerance)ની નીતિ અપનાવી રહી છે. ફૂડ બિઝનેસ ઓપરેટરોને તાકીદે નિયમોનું પાલન કરવા સૂચના અપાઈ છે, અન્યથા કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

## ઉનાળાની સિઝન પર લોકોની ખાસ નજર

તંત્ર દ્વારા ઉનાળાને ધ્યાને રાખીને શેરડીનો રસ, મેંગો જ્યુસ, આઈસ ગોલા અને તડબૂચ વેચતા એકમો પર પણ બાજ નજર રાખવામાં આવી રહી છે. ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ દ્વારા અત્યાર સુધીમાં ૧,૫૭૬ સ્થળોએ તપાસ કરી ૧,૭૦૫ નમૂનાઓની ચકાસણી કરવામાં આવી છે.

## એપ્રિલ માસની કામગીરીના મુખ્ય અંશો

**એકમોની તપાસઃ** મેન્યુફેક્ચરિંગ યુનિટ, રેસ્ટોરન્ટ, ઢાબા અને હોકર્સ સહિત કુલ ૪,૧૯૩ એકમોમાં તપાસ હાથ ધરાઈ.

**પનીરનો જથ્થો જપ્તઃ** આશરે ૧,૦૧૮ કિગ્રા શંકાસ્પદ પનીર/એનાલોગનો જથ્થો સ્થળ પર જ નાશ કરાયો.

**નોટિસ અને નમૂનાઃ** નિયમોના ભંગ બદલ ૨૭૦ એકમોને નોટિસ ફટકારાઈ અને ૧૧૮ નમૂના લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલાયા.

**દંડ અને સીલિંગઃ** ગંભીર બેદરકારી બદલ ૧૮ એકમોને સીલ કરાયા અને મહાનગરપાલિકાઓ દ્વારા કુલ રૂ. ૨.૮૪ લાખથી વધુનો દંડ વસૂલાયો.

### NDMA દ્વારા ઈમરજન્સી એલર્ટ સિસ્ટમનું ટેસ્ટિંગ, ગભરાવાની જરૂર નહીં

# દેશભરમાં એકસાથે વાગ્યો મોબાઈલ સાયરન

# કરોડો લોકોને એલર્ટ મેસેજ મળ્યો




## દેશભરમાં ઈમરજન્સી મેસેજની એકસાથે ટેસ્ટિંગ

શનિવારે દેશના તમામ રાજ્યોની રાજધાનીઓ અને દિલ્હી-NCR માં તમામ મોબાઈલ ફોન પર એકસાથે ટેસ્ટિંગ મેસેજ મોકલવામાં આવ્યો. આ મેસેજ હિન્દી અને અંગ્રેજીની સાથે તમામ પ્રાદેશિક ભાષાઓમાં પણ મોકલવામાં આવ્યો. આ મેસેજમાં લોકોને જણાવવામાં આવ્યું કે આ ફક્ત પરીક્ષણ છે અને આના પર કોઈ કાર્યવાહી કરવાની જરૂર નથી.

## દેશમાં જ વિકસાવવામાં આવ્યું છે SACHET સિસ્ટમ

ઈમરજન્સીની સ્થિતિમાં લોકોને રીઅલ ટાઈમ એલર્ટ આપવા માટે સરકારી સંસ્થા સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ ટેલિમેટિક્સ (C-DOT) એ ઈન્ટિગ્રેટેડ એલર્ટ સિસ્ટમ 'SACHET' વિકસાવી છે. સચેત નામની આ સિસ્ટમ કોમન એલર્ટિંગ પ્રોટોકોલ (CAP) પર આધારિત છે. તેને દેશના તમામ ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં એક્ટિવ કરી દેવામાં આવી છે.

**સિટી ન્યૂઝ@રાજકોટ**

દેશભરમાં શનિવારે સવારે ૧૧:૪૫ વાગ્યે ઘણા મોબાઈલ ફોન પર એકસાથે સાયરનનો અવાજ સંભળાવા લાગ્યો. સ્ક્રીન પર હિન્દી-અંગ્રેજીમાં એક મેસેજ હતો. સાયરન બંધ થયું ત્યારે મોબાઈલ પર મેસેજ વાંચીને પણ સંભળાવવામાં આવ્યો. આનાથી ઘણા લોકો પરેશાન થયા, તો ઘણા મૂંઝાયા. જોકે સરકારે કહ્યું કે ગભરાવાની જરૂર નથી.

આ મેસેજ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન પ્રાધિકરણ, એટલે કે NDMA (નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ) દ્વારા મોકલવામાં આવ્યો હતો, જે ઈમરજન્સી મોબાઈલ એલર્ટ ટ્રાયલનો એક ભાગ છે. NDMA એ ઈમરજન્સીમાં લોકો સુધી માહિતી પહોંચાડવા માટે ૨ મેના રોજ આ સેલ બ્રોડકાસ્ટ એલર્ટ સિસ્ટમનું પરીક્ષણ કર્યું. NDMA એ મોબાઈલ SMS ને સેલ બ્રોડકાસ્ટ (CB) ટેકનોલોજી સાથે જોડ્યું છે. આનાથી પસંદ કરાયેલા વિસ્તારમાં સક્રિય તમામ મોબાઈલ ફોન પર એકસાથે એલર્ટ મળશે. આનાથી ઈમરજન્સીના સમયે રીયલ ટાઈમ માહિતી પહોંચી શકશે. સરકારે બે દિવસ પહેલા જ મેસેજ મોકલીને લોકોને અપીલ કરી હતી કે ટેસ્ટિંગવાળો મેસેજ મળવા પર ગભરાશો નહીં. શનિવારનો મેસેજ ફક્ત ઈમરજન્સીની સ્થિતિમાં ચેતવણી આપતી સિસ્ટમની તપાસ માટે મોકલવામાં આવ્યો હતો.

NDMA એ મોબાઈલ SMS ને સેલ બ્રોડકાસ્ટ (CB) ટેકનોલોજી સાથે સંકલિત કર્યું છે. આનાથી પસંદ કરેલા વિસ્તારમાં સક્રિય બધા મોબાઈલ ફોન પર એક સાથે ચેતવણીઓ મળી શકશે, જે કટોકટી દરમિયાન રિયલ ટાઈમ એલર્ટ આપશે. સરકારે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૧૩૪ અબજથી વધુ મોબાઈલમાં એલર્ટ મોકલવામાં આવ્યું છે.



અહેવાલો અનુસાર, આ સિસ્ટમનો ઉપયોગ હવામાન પરિવર્તન અને ચક્રવાત જેવી વિવિધ કુદરતી આફતો માટે ચેતવણીઓ પૂરી પાડવા માટે કરવામાં આવ્યો છે. આજની તારીખમાં ૧૯ થી વધુ ભારતીય ભાષાઓમાં ૧૩૪ અબજથી વધુ SMS એલર્ટ મોકલવામાં આવી છે. આ સિસ્ટમનો ઉપયોગ કોઈપણ કટોકટીની પરિસ્થિતિમાં લોકોને તાત્કાલિક ચેતવણીઓ આપવા માટે થઈ શકે છે.




# મે મહિનામાં અકલ્પનીય ગરમી પડશે : અંબાલાલ

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાતમાં હવે ભીષણ ગરમી પડવાની છે. ૧૪૭ વર્ષ બાદ ગુજરાતમાં ગરમીનો રેકોર્ડ તૂટવાનો છે તેવી ગુજરાતના બાબા વેંગા કહેવાતા અંબાલાલ પટેલે આગાહી કરી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલના મત મુજબ, ગુજરાતમાં ગરમી વર્ષો જૂના રેકોર્ડ તોડશે. ૬ મે બાદ આકાશમાંથી અગનગોળા વરસશે.

ગુજરાતમાં ગરમીનો પ્રચંડ વિસ્ફોટ થવાનો છે. આગામી દિવસોમાં ગુજરાત 'ભઠ્ઠી' ની જેમ શેકાશે. અંબાલાલ પટેલના લેટેસ્ટ અપડેટ અનુસાર, આ વર્ષે ગરમી ૧૪૭ વર્ષના તમામ રેકોર્ડ તોડી શકે છે. વર્ષ ૧૯૧૨ માં આવી ભયાનક ગરમી પડી હતી. આ વર્ષમાં ગરમીનો પારો ૪૭ થી ૫૦ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. ત્યારે ફરી એકવાર એ જ દિવસો આવવાના છે.

અંબાલાલની આગાહી મુજબ, અમદાવાદ અને વડોદરા સહિતના મધ્ય ઝોનમાં અકલ્પનીય ગરમી પડવાની શક્યતા છે. ૬ મે પછી ગરમીના પારામાં આક્રમક વધારો થશે, લૂના પવનો ફૂંકાશે. આ દિવસોમાં 'લૂ' લાગવાના કેસમાં વધારો થવાની પ્રબળ શક્યતા છે. ગરમીની વચ્ચે જ ૫૦ કિમીની ઝડપે પવન ફૂંકાશે. તો કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી છે.

મે મહિનાની શરૂઆત સાથે દેશભરમાં ભીષણ ગરમીની આગાહી આવી રહી છે. દેશના ઘણા રાજ્યોમાં હીટવેવનું એલર્ટ જાહેર કરાયું છે. દેશનું સૌથી વધુ તાપમાન મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં નોંધાયું છે. ૪૪.૬ ડિગ્રી સાથે ચંદ્રપુર દેશનું સૌથી ગરમ શહેર બન્યું છે. ત્રીજા અને ચોથા અઠવાડિયામાં અમદાવાદમાં ભીષણ ગરમી પડે. હજી પણ હવામાન વિભાગ દ્વારા કાળઝાળ ગરમી અને હીટવેવની આગાહી કરાઈ છે. તાપમાન ૪૪થી ૪૬ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે.

વધતી ગરમીને લઈ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વ્યવસ્થા કરવામાં આવી છે. આ વિશે સિવિલ હોસ્પિટલના સુપરીટેન્ડન્ટ ડો.રાકેશ જોશીએ કહ્યું કે, જુદા જુદા નોન AC વોર્ડમાં ૪૦ થી વધુ કુલર મુકવામાં આવ્યા છે. ૮ બેડનો હિટ સ્ટ્રોક વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે. ફરતી પાણીની પરબ મુકવામાં આવી. જોકે અત્યાર સુધી હિટસ્ટ્રોકનો એક પણ દર્દી વોર્ડમાં દાખલ નહિ થયો. આવતા વર્ષે ૧૨૦૦ બેડની સમગ્ર હોસ્પિટલને AC હોસ્પિટલ બનશે. આવતા વર્ષે એક પણ વોર્ડ AC વિનાનો નહી રહે.

# રાજકોટમાં પારો 40 ડિગ્રીને પાર પહોંચ્યો

## ત્રીજા-ચોથા અઠવાડિયે માથું ફાડી નાખે તેવી ગરમી અનુભવાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજ્યમાં ફરી અંગ દઝાડતી ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. મોટા ભાગના શહેરમાં ગરમીનુ જોર વધ્યું છે. પવનની દિશા બદલાતા તાપમાનમાં ફરી વધારો નોંધાયો છે. ૧૦ શહેરમાં તાપમાન તો ૪૦ ડિગ્રીને પાર પહોંચી ગયું છે. હજુ પણ ગરમી અને ઉકળાટ યથાવત રહેવાની શક્યતા છે.

રાજ્યમાં મેં મહિનામાં તાપમાન મહત્તમ કરતા ઊંચું રહેશે. મોટા ભાગના વિસ્તારમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા ઊંચું રહેશે. તેમજ આગામી ૭ દિવસ સુધી વાતાવરણ સૂકું રહેવાનું અનુમાન છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૩.૩ ડિગ્રી સાથે અમદાવાદમાં સૌથી ગરમ રહ્યું હતું. મે મહિનાના ત્રીજા અને ચોથા અઠવાડિયામાં અમદાવાદમાં પારો ૪૪ ડિગ્રીની આસપાસ પહોંચતાં માથું ફાડી નાખે તેવી ગરમી અનુભવાશે.

ગુજરાતમાં ગરમીનું પ્રચંડ મોજું ફરી એકવાર તેજ બન્યું છે.



રાજ્યના મોટા ભાગના શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર પહોંચી ગયું છે. ખાસ કરીને અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૩.૩ ડિગ્રી સુધી પહોંચી જતા અમદાવાદીઓ આકરા તાપમાં શેકાઈ ગયા છે. બપોરના સમયે રસ્તાઓ પર ઓછી અવરજવર જોવા મળી રહી છે, જ્યારે લોકો જરૂરી કામ સિવાય બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.

પવનની દિશા બદલાતા રાજ્યના નાગરિકોને અસહ્ય ગરમીથી રાહત મળશે. પરંતુ ૪૮ કલાક સુધી તાપમાનમાં કોઈપણ પ્રકારનો મોટો ફેરફાર જોવા મળવાનો નથી. અત્યારે પશ્ચિમ દિશાથી ફૂંકાતા ગરમ અને સૂકા પવનોના કારણે તાપમાનમાં વધારો નોંધાઈ રહ્યો છે. રાજ્યના ઓછામાં ઓછા ૧૦ શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીથી ઉપર પહોંચી ગયું છે. જે મે મહિનાની શરૂઆતમાં જ ગંભીર ગરમીની સ્થિતિ દર્શાવે છે. આ સાથે ઉકળાટ પણ જોવા મળી રહ્યો છે. દિવસ દરમિયાન જ નહીં પરંતુ રાત્રે પણ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે.

## ગુજરાત બોર્ડના ધો.10-12ના પરિણામની તારીખો જાહેર

# ધો.12નું પરિણામ 4 મે, ધો.10નું 6મેએ જાહેર થશે

## બોર્ડની વેબસાઈટ અને વોટ્સએપ નંબર પર પરિણામ મેળવી શકાશે

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSEB) દ્વારા ફેબ્રુઆરી-માર્ચમાં લેવામાં આવેલો ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાના પરિણામની તારીખો જાહેર કરવામાં આવી છે. ધોરણ ૧૨ સાયન્સ, કોમર્સ અને આર્ટસ એમ ત્રણેય પ્રવાહ અને ગુજકેટનું પરિણામ ૪મેના રોજ જાહેર કરાશે. જ્યારે ધોરણ ૧૦નું ૬મેના રોજ પરિણામ જાહેર કરાશે. ધો. ૧૦ અને ૧૨ના કૂલ ૧૫ લાખ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. બોર્ડ દ્વારા ૪મેના રોજ જાહેર થનારા ધો. ૧૨ના પરિણામોમાં વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ તેમજ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહનો સમાવેશ થાય છે. આ સાથે જ




GUJCET-૨૦૨૬ અને સંસ્કૃત મધ્યમા પરીક્ષાના પરિણામ પણ એ જ દિવસે જાહેર થશે. જ્યારે ધો. ૧૦નું પરિણામ ૬ મેના રોજ જાહેર કરાશે.વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ બોર્ડની સત્તાવાર વેબસાઈટ www.gseb.org પર જઈને ચેક કરી શકશે. ઉપરાંત, ટેકનોલોજીના ઉપયોગ સાથે બોર્ડે વોટ્સએપ દ્વારા પણ પરિણામ મેળવવાની સુવિધા ઉપલબ્ધ કરી છે. વિદ્યાર્થીઓએ પોતાનો બેઠક ક્રમાંક ૬૩૫૭૩૦૦૯૭૧ નંબર પર મોકલવાથી વોટ્સએપ પર જ પરિણામ મેળવી શકશે. બોર્ડના આ નિર્ણયથી વિદ્યાર્થીઓને ઝડપી અને સરળતાથી પરિણામ મેળવવામાં મદદ મળશે.
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચમાં ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવી હતી.
ધોરણ ૧૦ અને ૧૨માં કુલ ૧૫.૨૭ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. જેમાં ધો.૧૦ના ૯.૦૭ લાખ અને ધો.૧૨ સાયન્સના ૧.૧૯ લાખ, ધો.૧૨ સામાન્ય પ્રવાહના ૫.૦૧ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

# રવિવારે UG NEET અને TAAT-1ની પરીક્ષા

### ■ નીટની 12 અને ટાટ-1ની 165 બિલ્ડીંગો પર બેઠક વ્યવસ્થા

### ■ વર્ગ-1 અને 2ના અધિકારીઓની ઓબ્ઝર્વર તરીકે નિયુકિત

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

રાજકોટ ખાતે આગામી તા.૩ મે અને રવિવારના રોજ યુજી નીટ અને ટાટ-૧ની પરીક્ષા લેવામાં આવનાર છે. જેમાં ૩૮૮૭૧ જેટલા ઉમેદવારો બેસનાર છે. આ બન્ને સ્પર્ધાત્મક પરીક્ષા શાંતીપૂર્ણ વાતાવરણમાં લેવાય અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવેલ છે.આ પરીક્ષાના પેપરો પણ આવતીકાલે રાજકોટ ખાતે આવી પહોંચનાર છે. આ પરીક્ષા માટે ઓબ્ઝર્વર તરીકે જીલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશ દ્વારા વર્ગ-૧ અને ૨નાં અધિકારીઓની ઓબ્ઝર્વર તરીકે નિયુકિત કરી દેવામાં આવી છે જેમાં મેડીકલ અને પેરામેડીકલના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લેવાનારી યુજી નીટની આ પરીક્ષા નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા લેવામાં આવનાર છે.યુજી નીટની આ પરીક્ષામાં ૫૫૬૮ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા છે. જે ૧૨ જેટલી શાળાઓના સેન્ટરો પરથી પરીક્ષા આપશે. આ પરીક્ષામાં ૭૨૦ ગુણના ૧૮૦ જેટલા પ્રશ્નો પૂછવામાં આવશે. આ પરીક્ષામાં નેગેટીવ માર્કિંગ સીસ્ટમ હોય ખોટો જવાબ લખવા બદલ વિદ્યાર્થીઓનો ૧ માર્ક કપાશે. નીટની પરીક્ષા માટે પરીક્ષા સેન્ટરો પર વિદ્યાર્થીઓને ૧૧-૩૦ વાગ્યે પ્રવેશ આપી દેવામાં આવશે. જયારે માધ્યમિક શાળાઓમાં ધો.૯ અને ૧૦માં શિક્ષક બનવા માટેની ટાટ-૧ની પ્રીલીમરી પરીક્ષા પણ આ જ દિવસે એટલે કે રવિવારના બપોરના ૩થી ૬ વાગ્યા દરમ્યાન લેવામાં આવશે. ટાટ-૧ની આ પરીક્ષા રાજયના ચાર ઝોનમાં લેવામાં આવનાર છે જેમાં અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત ઝોનનો સમાવેશ થાય છે જેમાં રાજકોટ ઝોનમાં ૧૬૫ શાળાઓના સેન્ટરો પરથી આ પરીક્ષા લેવામાં આવશે. જેમાં ૩૩૩૦૦ જેટલા ઉમેદવારો બેસનાર છે. ૨૦૦ ગુણની આ પરીક્ષા એમસીકયુ આધારીત રહેશે.આ પરીક્ષામાં પણ ૦.૨૫ નેગેટીવ માર્કિંગ રહેશે. ટાટ-૧ની પરીક્ષાના પેપરો આવતીકાલે રાજકોટ આવી પહોંચતા તેને કરણસિંહજી હાઈસ્કૂલના સ્ટ્રોંગ રૂમમાં પોલીસ બંદોબસ્ત હેઠળ સીલ કરી દેવામાં આવશે. રવિવારે આ બન્ને પરીક્ષાઓમાં કુલ ૩૮૮૭૧ ઉમેદવારો બેસનાર હોય ઉમેદવારો મુકત મને અને શાંતીપૂર્ણ રીતે આપી શકે તે માટે વિશેષ પ્રબંધો કરવામાં આવેલ છે.

# બીડીના 2 રૂપિયા મુદ્દે ગોંડલના દેવડામાં પિતા-પુત્ર પર હુમલો

» 10 રૂપિયાની બીડીના 12 રૂપિયા લેવા બાબતે બોલાચાલી બાદ 5 શખ્સોનો આતંક

» પાનના ગલ્લેથી ઘરે જઈને ધોકા, પાઈપ અને પથ્થરથી પિતા-પુત્રને માર માર્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ફાકી, સિગારેટ કે પાનમાં ભાવવધારા મુદ્દે અવારનવાર ગ્રાહકો અને વેપારીઓ વચ્ચે મારામારીના દ્રશ્યો સર્જાતા હોય છે. ત્યારે ગોંડલ તાલુકાના દેવડા ગામે માત્ર બીડીના ૨ રૂપિયા વધારે લેવા જેવી નજીવી બાબતે બઘડાટી બોલી ગઈ હતી. પાનના ધંધાર્થી સહિતના ૫ શખ્સોએ ગ્રાહકના ઘરે જઈને પિતા-પુત્ર પર પાઈપ, ધોકા અને પથ્થરથી ઘાતક હુમલો કરતા ગામમાં ચકચાર મચી ગઈ છે.



પ્રાપ્ત વિગત મુજબ, દેવડા ગામમાં રહેતા ૩૫ વર્ષીય પરેશ મીઠાભાઈ રાઠોડ ગઈકાલે સાંજે ગામમાં આવેલી વિનોદ ભીખાભાઈ રાઠોડની પાનની દુકાને બીડી લેવા ગયા હતા. તેઓએ 'વકીલ છાપ' બીડીનું ૧ બંડલ લીધું હતું, જેના વિનોદે ૧૨ રૂપિયા લીધા હતા. જેથી પરેશે પૂછ્યું હતું કે, "૧૦ રૂપિયાની બીડી આવે છે તો ૨ રૂપિયા વધારે કેમ લીધા?" આ સામાન્ય બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી, ત્યારબાદ પરેશ પોતાના ઘરે જતા રહ્યા હતા.

આ બોલાચાલીનો ખાર રાખીને રાત્રે ૮ વાગ્યાની આસપાસ વિનોદ, વિક્રમ, મોહન અને બીજા ૨ થી ૩ અજાણ્યા શખ્સો પરેશના ઘરે ધસી આવ્યા હતા. આ ટોળકીએ ઘરે આવીને ઝઘડો શરૂ કર્યો હતો અને ધોકા તથા પાઈપ વડે પરેશને બેફામ માર માર્યો હતો તેમજ પથ્થરના ઘા પણ કર્યા હતા. આ હુમલામાં પરેશને ગંભીર ઈજાઓ થઈ હતી. પોતાના પુત્રને બચાવવા વચ્ચે પડેલા તેમના ૬૨ વર્ષીય પિતા મીઠાભાઈ દેશાભાઈ રાઠોડને પણ માથા અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

આ હુમલા બાદ ઈજાગ્રસ્ત પિતા-પુત્ર બંનેને તાત્કાલિક સારવાર માટે ગોંડલની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પરેશને માથા અને શરીરના ભાગે વધુ ગંભીર ઈજાઓ હોવાથી વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો છે. ગામમાં માત્ર ૨ રૂપિયા મુદ્દે થયેલી આ ધીંગાણાની ઘટના હોટ ટોપિક બની છે. ગોંડલ પોલીસે આ મામલે ગુનો નોંધી હુમલાખોરોને પકડવા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દેવોમામો ભાન ભૂલ્યો : બાળકીના છાતીએ અડપલા કરી બન્ને ગાલો પર પપીઓ ભરી

## રાડો પાડતી બાળકીને છાની રાખવા માટે રૂ.10ની લાલચ આપી : ઓરડીમાં થયેલા કૃત્યો અંગે બાળકીએ માતાને જાણ કરતા પગતળે ધરતી ખસી ગઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**


રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં સગીરાઓ અને તરુણીઓ અસુરક્ષિત હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે.ત્યારે ભાવનગર રોડ પર સરધાર નજીક ૧૦ વર્ષીય બાળા પર દુષ્કર્મનો પ્રયાસનો બનાવ સામે આવતા ચકચાર મચી ગઈ છે. પડોશમાં જ રહેતાં નરાધમ શખ્સે ૧૦ ની નોટ બતાવી ફૂલ જેવી દીકરીને બોલાવી બળજબરી પૂર્વક ઓરડીમાં લઈ ગયો, પોતાના અને બાળકીના કપડા ઉતારી ખરાબ અડપલા કરતાં આજીડેમ પોલીસે પોકસો સહિતની ગંભીર કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને સકંજામાં લેવા તજવીજ આદરી હતી.



બનાવ અંગે સરધાર ગામ નજીક રહેતાં ૩૭ વર્ષીય મહિલાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી દેવા નામના શખ્સનું નામ આપતાં આજીડેમ પોલીસે પોકસો એકટ સહિતની ગંભીર કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે પોતે ઘરે હતી ત્યારે નાની ૧૦ વર્ષીય દીકરીએ જણાવેલ કે, મારે બાથરૂમ કરવા જવુ છે, આથી તેનુ પેન્ટ કાઢી આપેલ અને બાથરૂમ જવા કહેલ ત્યારે દીકરીએ જણાવેલ કે, મમ્મી આજે સવારે હુ દસેક વાગ્યા આસપાસ કાકાના ઘરે રમવા ગયેલ અને કાકાની દીકરી સાથે રમતી હતી ત્યારે રમતા રમતા દેવામામાના વાડા બાજુ ગયેલ ત્યારે દેવામામાએ વાડામાથી ૧૦ રૂપિયાની નોટ બતાવેલ અને કહેલ કે, અહીં આવ, લે આ નોટ લઈ જા અને આનો ભાગ લે જે, જેથી આ નોટ લેવા દેવા મામા પાસે ગયેલ ત્યારે અચાનક મને બાથ ભરી અને પોતાના વાડામા આવેલ પતરાની ઓરડીમા લઇ ગયેલ હતાં.ત્યા મને ખાટલામા બેસાડી અને પોતે પોતાના કપડા ઉતારવા લાગેલ બાદ તેણે કપડા ઉતારી મને છાતીએ હાથ ફેરવી ગાલે તથા હોઠ પર પપ્પી ભરવા લાગેલ જેથી હુ ડરી ગયેલ અને રાડો પાડવા લાગતા મને બથમા ભરી લઈ રાડો ના પાડતી એમ કહી દેવામામાએ મોઢુ દબાવી દીધેલ અને મારા શરીરે હાથ ફેરવી બચકા ભરવા લાગેલ અને મારા કપડા ઉતારવા લાગેલ જેથી હું રડવા લાગતા દેવામામાએ મને કહેલ કે, તુ જા ૧૦ રુપિયાનો ભાગ લઇ લે જે અને કોઈને કહેતી નહી અને બાદમા હું કાકાના ઘરે પરત જતી રહેલ હતી.

# ધોરાજીના પટેલ કારખાનેદારને હનીટ્રેપમાં ફસાવી 1 લાખનો તોડ






## ■ એપ્લીકેશનમાં HIનો મેસેજ મળ્યા બાદ સેક્સની લાલચમાં કારખાનેદાર ઉપલેટાની વાડી સુધી પહોચ્યા

## ■ પટેલ કારખાનેદારને નગ્ન કરી વિડીયો ઉતારી લીધા બાદ 1500 અને 1 લાખ ટ્રાન્સફર કરાવી લીધા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ધોરાજીના કારખાનેદારને હનીટ્રેપમાં ફસાવી રૂ.૧ લાખ પડાવી લેતી ટોળકી સામે ગુનો નોંધાતા ચકચાર મચી ગઈ હતી. ફેસબુકમાંથી ફ્રેન્ડશીપ એપ ડાઉનલોડ થઇ ગયાં બાદ આવેલ ઇંશ ના મેસેજથી યુવક ફસાયો હતો. ઉપલેટા નજીક વાડીએ બોલાવી નગ્ન કરી વિડીયો ઉતારી અમારા છોકરા પર રેપ કર્યો છે કહીં ટોળકીએ બેફામ મારમારી રૂ.૧૫૦૦ લૂંટી ૧ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધાં બાદ યુવકને ધમકી પણ આપી હતી. પોલીસે આકરી કલમ હેઠળ ગુનો નોંધી ટોળકીને સકંજામાં લઈ તપાસ આદરી હતી. વધું ગુના પણ સામે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

**તરુણે ટીશર્ટ ઉચું કર્યુંને ફસાયા: અન્ય ત્રણે આવીને કહ્યું તે અમારા છોકરા પર રેપ કર્યો છે કહી બેફામ મારમાર્યો**

બનાવ અંગે ધોરાજીના હિરપરા વાડીમાં રહેતાં પારસભાઈ પરસોતમભાઈ સોજીત્રા (ઉ.વ.૨૯) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ચિરાગ પટેલ, નિકુંજ પટેલ, પ્રતીક નટવરલાલ ગજેરા, રઘુ રાઠોડ અને બે અજાણી મહિલા સહિત સાત શખ્સોના નામ આપતા ધોરાજી પોલીસે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૩૦૮(૭), ૩૦૯(૬), ૧૨૭(૭), ૬૧(૨), ૩૫૧(૩), ૩૫૨, ૩(૫) મુજબગુનો દાખલ કરી તપાસ હાથ કરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, ધોરાજીમાં જુનાગઢ રોડ પર શ્રી રાધે એન્જીન્યરીગ નામનુ લેથનું કારખાનુ ચલાવે છે.તેને ફ્રેન્ડશીપ એપ મારફતે કોઈ વ્યક્તિ સાથે વાતચીત થઇ હતી ગઇ તા.૨૨ ના આ વ્યક્તિનો મેસેજ આવેલ અને કહેલ કે, તુ સાંજે સાડા સાતેક વાગ્યે મને મેસેજ કરજે. જેથી તે સમયે મેસેજ કરતા તેને સાડા નવ વાગ્યાની આસ-પાસ ઉપલેટા આવ જે મારે તને એક સ્પેશિયલ પર્સન સાથે મુલાકાત કરાવવાની છે, આ બાદ ઉપલેટાની વાડીમાં યુવતી સાથે સેક્સની લાલચ આપી ઓરડીમાં લઇ ગયો હતો. જ્યાં અંદર જતા જ આ છોકરાએ ઓરડીનો દરવાજો બંધ કરી દિધેલ અને યુવક કઈ સમજે તે પહેલા આ છોકરાએ પોતાનુ અને યુવકનું ટી-શર્ટ ઝડપથી કાઢી નાંખતા તેને કહેલ કે, આ બધુ શુ છે. ત્યા તો તરત જ બીજા ત્રણ જણા ઓરડીનો દરવાજો ખોલી અંદર આવી ગયેલ અને ત્રણ પૈકી એક શખ્સ ત્યા ઉભો રહેલ અને બે શખ્સોએ તેને મારી ખાટલા ઉપર પાડી દિધો અને મોબાઈલ તથા કારની ચાવી લઈ તેના ખીંચામાં નાખી દીધી હતી.

## ભત્રીજો દવા પી ગયાનું કહી 3 લાખની માંગણી કરાઈ

જે બાદ ગઈ તા.૨૯ સાંજના સમયે નિકુંજ પટેલનો ફોન આવેલ કે, ગઈ તા.૨૨ ના રાતે તમે જેને મળવા આવેલ હતા તે અમારા ભત્રીજાએ દવા પી લીધેલ છે, તે હોસ્પીટલમાં દાખલ છે અહીથી ત્રણ લાખનો ખર્ચો છે, ઈ તમારે આપવા પડશે, નહીતર અમે તમારી ઉપર પોલીસ ફરીયાદ કરી નાખશું, તે દિવસે સોનાનો ચેઈન પહેરેલ તે વ્યક્તિ નિકુંજ પટેલ હોવાનુ મને લાગેલ, જેથી તેને ચોખ્ખી ના પાડી દિધેલ કે મારી પાસે પૈસા નથી. તે બાદ રઘુ રાઠોડનો ફોન આવેલ અને વોટ્સએપમાં જે છોકરો દવા પી ગયેલ તેના દવાનુ અને એમ્બયુલન્સનુ બીલ મોકલેલ. જેમાં દવા પી ગયેલ તે છોકરાનુ નામ ચીરાગ પટેલ હતુ. જેથી જેમની સાથે વાત કરતો અને જેણે મળવા બોલાવેલ તે છોકરાનો નામ ચીરાગ પટેલ હોવાનુ લાગેલ. જેથી મે રઘુને કહેલ કે, હુ હવે પોલીસ કમ્પલેઇન કરવા જાવ છું, તો રઘુએ તેના વોટ્સએપમાંથી ફોટા ડીલીટ મારી દિધા. બનાવ અંગેની ફરીયાદ પરથી ધોરાજી પોલીસે ગુનો નોંધી પીઆઈ બી.આર.પટેલ અને ટીમે આરોપીને પકડવા તજવીજ આદરી હતી.

## નગ્ન અવસ્થામાં પોલીસ સ્ટેશન લઈ જવાની ધમકી અપાઈ

પટેલ કારખાનેદારનો લેંઘો અને ચડી કાઢી પૂરો નગ્ન કરી દિધેલ અને આ બન્ને થઈને ઢીંકાપાટુ મારવા લાગેલ અને બધા તેના મોબાઈલમાં નગ્ન હાલતમાં વિડીયો ઉતારતા હતા. એક શખ્સે ભત્રીજા સાથે રેપ કર્યાનો આરોપ મુકીને કહ્યું હતું કે મે હમણા મોટા સાહેબને ફોન કરી દિધેલ છે તને પોલીસ સ્ટેશને નાગો લઈને જવાનો છે. આ વિડીયો આખા ધોરાજીમાં વાયરલ કરી દઈશ. જેથી તેને કહેલ કે, મે તમારા ભત્રીજાને ટચ પણ નથી કરેલ તેમ છતા આ સોનાનો ચેઈન પહેરેલ ભાઇ ખુણામાં પડેલ ટ્યુબ લાઈટ લઈને બાવળામાં મારી ગાળો આપી ઓરડી બહાર લઇ ગયેલ અને મારતા મારતા બંને શખ્સોએ પર્સમાંથી ૧૫૦૦ રૂપિયા લુંટી લીધેલ અને બે જણા મારતા હતા, તે સીવાયનો ત્રીજો શખ્સ પૈસા આપી સમાધાન કરી નાખવાનુ કહેવા લાગેલ હતો.આ લોકોએ નગ્ન વિડીયો બનાવેલ હોય અને રેપના ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપતાં ડરી જતા તેમની વાત માનેલ અને અને રકઝકના અંતે રૂ.૮૦ હજારમાં નક્કી કરેલ અને ત્યારે ત્યા બે લેડીઝ આવતા આ ચારેય જણાએ કપડા આપી દિધેલ અને ત્યા ઓરડીની પાછળ કપડા પહેરતો હતો. ત્યારે આ ચાર જણ અને બે લેડીઝ છએય જણા હસીને વાતો કરતા હતા કે, આ માની જાશે, તમે હજી આની પાસેથી એક લાખ કઢાવો.

# કચ્છમાં ISISની વિચારધારા ફેલાવનાર શખસની ધરપકડ

## ઈસ્લામિક યુદ્ધ, ખિલાફત તેમજ જિહાદ કરવા એકઠા થવાની પોસ્ટ મુકતો

**સિટી ન્યૂઝ@કચ્છ**

કચ્છ જિલ્લામાં સોશિયલ મીડિયાના માધ્યમથી દેશવિરોધી પ્રવૃત્તિઓ કરનારા તત્ત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. ભુજ તાલુકાના લોડાઈ ગામમાં પ્રતિબંધિત આતંકી સંગઠન ISIS (ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સીરિયા)ની વિચારધારાનો પ્રચાર કરવા અને ઉશ્કેરણીજનક સામગ્રી ફેલાવવા બદલ પશ્ચિમ કચ્છ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા એક શખસ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, પશ્ચિમ કચ્છ SOGને ચોક્કસ બાતમી મળી હતી કે લોડાઈ ગામનો રહેવાસી ફકીરમામદ ઈસા ગગડા






નામનો શખસ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શંકાસ્પદ અને દેશવિરોધી પ્રવૃત્તિઓ કરી રહ્યો છે. આ બાતમીના આધારે ટેકનિકલ સર્વેલન્સ અને તપાસ હાથ ધરતા અનેક ચોંકાવનારી વિગતો સામે આવી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, ફકીરમામદ છેલ્લા ચાર વર્ષથી સોશિયલ મીડિયા પર સક્રિય હતો અને આતંકવાદી સંગઠન ISISની વિચારધારાને પ્રોત્સાહન આપતી સામગ્રી શેર કરતો હતો. તે સતત એવી ઉશ્કેરણીજનક પોસ્ટ્સ અને કન્ટેન્ટ મુકતો હતો જેનાથી દેશની એકતા અને અખંડિતતા જોખમાય. આ ગંભીર બાબતને ધ્યાને રાખીને પશ્ચિમ કચ્છ SOG દ્વારા આરોપી સામે પધ્ધર પોલીસ સ્ટેશનમાં વિધિવત રીતે ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફકીરમામદ સામે દેશવિરોધી પ્રવૃત્તિઓ અને ઉશ્કેરણી ફેલાવવા બદલ ગુનો દાખલ કરી તેની અટકાયતની તજવીજ હાથ ધરાઈ છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે, આ શખસ અન્ય કોના સંપર્કમાં હતો અને તેની પાછળ કોઈ મોટું આંતરરાષ્ટ્રીય કે સ્થાનિક નેટવર્ક કામ કરી રહ્યું છે કે કેમ.

હાલમાં તેના તમામ ડિજિટલ ઉપકરણો અને સોશિયલ મીડિયા એકાઉન્ટ્સની ઝીણવટભરી તપાસ ચલાવવામાં આવી રહી છે.

# પોલીસની ગાડી પર બેસીને રીલ બનાવીને રોલા: વીડિયો વાયરલ

## અમદાવાદ રિવરફ્રન્ટ પર પોલીસની ગાડીમાં 'તું ખીચ મેરી ફોટો'ના ગીત સાથે વીડિયો બનાવ્યો, પીઆઈએ કહ્યું વાયરલ વીડિયોની તપાસ કરીશું



**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદ પોલીસની ગાડીનો ઉપયોગ નાગરિકોની સુરક્ષા અને સલામતી માટે કરવાનો હોય છે, પરંતુ અમદાવાદ પોલીસની ૧૧૨ જનરક્ષકની સરકારી ગાડી પર બેસીને રીલ બનાવવામાં આવી હોવા અંગેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.રિવરફ્રન્ટ પર ગાડી ઉપર બેસીને વીડિયો બનાવી 'તું ખીચ મેરી ફોટોના ગીત' સાથે બનાવવામાં આવેલી રીલનો વાયરલ થયેલો વીડિયો સાબરમતી રિવરફ્રન્ટ વિસ્તારનો હોવાનું સામે આવ્યું છે.જોકે સાબરમતી રિવરફ્રન્ટ પૂર્વ અને પશ્ચિમ એમ બંને તરફ આવેલો છે તેમાં આ વીડિયો રિવરફ્રન્ટ પૂર્વ તરફનો હોવાનું માનવામાં આવી રહ્યું છે. જોકે પોલીસે આ વીડિયોની તપાસ શરૂ કરી છે, પરંતુ એક સરકારી ગાડી પર બેસીને આ રીતે વીડિયો બનાવવામાં આવી રહ્યો છે ત્યારે પોલીસની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.સાબરમતી રિવરફ્રન્ટ (ઈસ્ટ) પોલીસ સ્ટેશનના પીઆઈ બી.પી રજિયાએ જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયો બાબતે અમે તપાસ કરાવી રહ્યા છીએ. જે વીડિયો જોવામાં આવી રહ્યો છે, તેમાં સ્પષ્ટ લોકેશન કઈ બાજુનું છે ખબર નથી અને ગાડી નંબર પણ દેખાતો નથી જેથી અમે વ્યક્તિગત રીતે તપાસ કરાવી રહ્યા છીએ. આ વીડિયો તાજેતરનો છે કે જૂનો છે તે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે.સાબરમતી રિવરફ્રન્ટ પર પોલીસની ૧૧૨ નંબરની જનરક્ષક ગાડી ઉપર બેસીને બનાવવામાં આવેલો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.




મધ્યપ્રદેશના બરગી ડેમમાં સર્જાયેલી ક્રુઝ દુર્ઘટનામાં ડૂબી ગયેલા માતા અને પુત્ર એક જ લાઈફ જેકેટમાં મળી આવ્યા હતા. આ દ્દશ્ય ત્યાં ઉપસ્થિત દરેક વ્યકિતના કાળજાને કંપાવી દીધુ હતું. તસવીર બતાવે છે કે અંતિમ ઘડી જોઈને માએ તેના દીકરાને છાતી સરસો ચાંપી દીધો હતો. કદાચ તેને આશા હતી કે લાઈફ જેકેટ તેની લાઈફ બચાવી લેશે પરંતુ આશ અને શ્વાસની દોરી તૂટી ગઈ, પણ માતાએ બાળકનો હાથ અને સાથ નહોતો છોડયો.

# જબલપુર ક્રુઝ દુર્ઘટનામાં કોઈએ પત્ની ગુમાવી કોઈએ આખો પરિવાર

**સિટી ન્યૂઝ@જબલપુર**

ગુરુવારે જબલપુરના બરગી ડેમમાં થયેલા ક્રુઝ દર્ઘટનામાં ૯ લોકોના મોત થયા, જ્યારે ૪ હજુ પણ ગુમ છે. કેટલાક પરિવારો પોતાના સ્વજનોની શોધમાં છે, કેટલાક પાસે ફક્ત યાદો અને આઘાત છે. બચેલા લોકો તેને ચમત્કાર માની રહ્યા છે, પણ તેમની વાતોમાં તે સાંજનો ભય સ્પષ્ટ છે. અમે આઠ લોકો ક્રુઝ પર સવાર હતા. તેમાં કુલ ૪૫- ૫૦ લોકો હતા, જેમાં મહિલાઓ અને બાળકો વધુ હતા. શરૂઆતમાં હવામાન સામાન્ય હતું, પરંતુ પાછા ફરતી વખતે અચાનક વાવાઝોડું આવ્યું. પહેલા હલચલ થઈ, પછી ભારે મોજાં ઉછળ્યાં. થોડી જ મિનિટોમાં પરિસ્થિતિ બેકાબૂ બની ગઈ અને ક્રુઝ હિચકા ખાવા લાગ્યું.

ઉપર બેઠેલા લોકોને નીચે લાવવામાં આવ્યા. ત્યાં ત્રણ-ચાર કર્મચારીઓ હતા, પરંતુ કોઈએ મદદ ન કરી. પરિસ્થિતિ બગડતાં અમે જાતે જ લાઈફ જેકેટ કાઢ્યા અને લોકોને પહેરાવ્યા. જો આમ ન કર્યું હોત તો કદાચ કોઈ બચત નહીં. બાળકોને એક પછી એક જેકેટ પહેરાવ્યા. આ દરમિયાન ક્રુઝમાં પાણી ભરાવા લાગ્યું.

પાણીમાં પડતાં જ મેં પૂરી તાકાતથી ઉપર આવવાનો પ્રયાસ કર્યો. માથા અને હાથથી જોર લગાવીને બહાર નીકળ્યો. હું, મારી પત્ની અને એક ૧૧ વર્ષનો બાળક બહાર આવી ગયા, પરંતુ ચારે તરફ અફરાતફરી હતી. અમે મદદ માટે બૂમો પાડતા રહ્યા, પરંતુ લાઈફ બોટ મોડી આવી. જો તે અડધો કલાક વહેલી પહોંચી હોત, તો ઘણા વધુ જીવ બચી શક્યા હોત. દુર્ઘટના પછી અમે સાડા ત્રણ કલાક સુધી નાના દીકરાને શોધતા રહ્યા. તેણે લાઈફ જેકેટ પહેર્યું ન હતું. આખરે તે સુરક્ષિત મળ્યો. સાચું કહું તો, હું મોતને સામેથી જોઈને પાછો ફર્યો છું.

## ચાલતી ટ્રેને 2 વર્ષનો દીકરો પડી ગયો

# પિતાએ સુપરહીરોની જેમ દીકરાને બચાવ્યો



**સિટી ન્યૂઝ@ઢાકા**

બાંગ્લાદેશના એક રેલવે સ્ટેશન પરથી એક ઈમોશનલ અને જીવ તાળવે ચોંટાડી દે તેવો વીડિયો સામે આવ્યો છે. બનાવ એવો બન્યો કે, બાંગ્લાદેશના એક રેલવે સ્ટેશને માતાએ તેના ૨ વર્ષના દીકરાને તેડ્યો હતો. ટ્રેન અચાનક ચાલુ થઈ ને દીકરો છટકીને નીચે પાટા પાસે પડી ગયો. માતાએ દેકારો કરી મૂક્યો. દરવાજા પાસે હાજર રહેલા પિતાએ ક્ષણનો વિલંબ કર્યા વગર ચાલુ ટ્રેન નીચે ઝંપલાવ્યું ને પોતાના બે વર્ષના દીકરાને છાતી સરસો ચાંપીને સીધા સૂતા રહ્યા. ટ્રેન સડસડાટ પસાર થઈ ગઈ પછી બાપ- દીકરો સલામત બહાર નીકળ્યા. રિયલ લાઈફના સુપરહીરોનો આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે.

આ ઘટના એક વ્યસ્ત રેલ્વે સ્ટેશન પર બની હતી, જ્યાં હંમેશાની જેમ, લોકોની ભીડ હતી. રમતા રમતા એક નાનું બાળક અચાનક પ્લેટફોર્મ પરથી લપસી ગયું અને સીધું રેલ્વે પાટા પર પડી ગયું. આ ઘટના એટલી અચાનક બની કે ત્યાં બેઠેલા લોકો સ્તબ્ધ થઈ ગયા. તે જ સમયે, એક ઝડપથી આવતી ટ્રેન પ્લેટફોર્મ પાસે આવતી જોઈ શકાતી હતી. જેમ જેમ ટ્રેન નજીક આવતી ગઈ તેમ તેમ ત્યાં હાજર લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો. કેટલાક લોકો બૂમો પાડવા લાગ્યા, પરંતુ કોઈ પાસે નીચે ઉતરીને બાળકને બચાવવાનો સમય નહોતો.

પિતાએ પોતાના બાળકને પાટા પર પડતા જોતાં જ, એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના નિર્ણાયક નિર્ણય




લીધો. તે તરત જ પાટા પર કૂદી ગયા અને બાળકને બચાવવા માટે છાતી સરસો ચાંપીને બચાવી લીધો. ત્યારે ટ્રેન પસાર થવા લાગી. વીડિયોમાં સ્પષ્ટપણે દેખાય છે કે ટ્રેનના ઘણા ડબ્બા તેમના પરથી પસાર થઈ રહ્યા હતા અને આ દ્રશ્ય જોઈને લોકો સ્તબ્ધ થઈ ગયા. બધાએ પોતાના શ્વાસ રોકી રાખ્યા કારણ કે આ અકસ્માત અત્યંત ખતરનાક હતો અને તેમાં મૃત્યુ પણ થઈ શક્યું હોત. પરંતુ ટ્રેન પસાર થયા પછી જે બન્યું તેનાથી બધાએ માન્યું કે આ ઘટના ચમત્કારથી ઓછી નથી. પિતા અને બાળક બંને સુરક્ષિત અને સુરક્ષિત હતા. આ જોઈને ત્યાં ઉભા રહેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો અને તરત જ તેમની મદદ માટે દોડી ગયા. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. લોકો પિતાની હિંમત અને હાજર બુદ્ધિની પ્રશંસા કરી રહ્યા છે. ઘણા લોકોએ તેમને રિયલ હીરો ગણાવ્યા છે કારણ કે તેમણે પોતાના બાળકને બચાવવા માટે પોતાનો જીવ જોખમમાં મૂક્યો હતો.

### ઉપલેટા તાલુકા પંચાયતનાં એકમાત્ર

# ‘આપ’નાં વિજેતા ઉમેદવારે કેસરીયો ધારણ કરી લીધો

» ‘આપ’નાં કિંગમેકરની ભૂમિકા ભજવનાર ચંદુભાઈ જાદવે પક્ષપલ્ટો કરતા સત્તાના સમીકરણો ફરી ગયા

» પંચાયતમાં પણ પક્ષે સારો ટેકો આપ્યો જેથી ‘આપ’માંથી રાજીનામું આપીને ફરી ભાજપમાં ઘરવાપસી



## શું કહ્યું ચંદુભાઈ જાદવે



ભાજપમાં વિધિવત જોડાયા બાદ ચંદુભાઈ જાદવે પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, ભાજપ દ્વારા વિકાસના સારા કામો કરવામાં આવે છે. ચંદુભાઈ વધુમાં ઉમેર્યું કે, પંચાયતમાં પણ પક્ષે સારો ટેકો આપ્યો હતો, જેના કારણે તેમણે આપમાંથી રાજીનામું આપીને ફરી ભાજપમાં જોડાવાનો નિર્ણય લીધો છે. સ્થાનિક ધારાસભ્ય મહેન્દ્ર પાડલિયા અને અન્ય ભાજપના આગેવાનોની ઉપસ્થિતિમાં ચંદુભાઈ જાદવ પક્ષમાં જોડાયા હતા. ધારાસભ્ય પાડલિયાએ તેમને આવકારતા જણાવ્યું કે, ચંદુભાઈએ પાનેલીના સરપંચ તરીકે લોકોની સતત સેવા કરી છે. રાજ્ય સરકાર અને ભાજપે પાનેલીમાં કરેલા વિકાસ કામોથી પ્રેરિત થઈને તેઓ ફરી પાર્ટીમાં જોડાયા છે, જેનું જિલ્લા અને પ્રદેશ ભાજપ સ્વાગત કરે છે.



**સિટી ન્યૂઝ@ઉપલેટા**

ઉપલેટા તાલુકા પંચાયતના રાજકારણમાં એક મોટો અને મહત્વપૂર્ણ પલટો જોવા મળ્યો છે. તાલુકા પંચાયતમાં સત્તાના સમીકરણો નક્કી કરી શકે તેવી સ્થિતિમાં રહેલા આમ આદમી પાર્ટીના એકમાત્ર વિજેતા ઉમેદવાર ચંદુભાઈ જાદવ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. આ નિર્ણય સાથે જ ઉપલેટા તાલુકા પંચાયત પર ભાજપનો કબજો નિશ્ચિત થઈ ગયો છે.

ઉપલેટા તાલુકા પંચાયતની ચૂંટણીના પરિણામો બાદ ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો પાસે ૮-૮ બેઠકો હતી, બહુમતી માટે એક બેઠકની ખેંચતાણ હતી. આવા સમયે મોટી પાનેલી સીટ પરથી વિજયી બનેલા આમ આદમી પાર્ટીના (AAP) ચંદુભાઈ જાદવ ’કિંગમેકર’ ની ભૂમિકામાં આવી ગયા હતા.AAP નેતા ચંદુભાઈ જાદવ જે પક્ષને સમર્થન આપે, ઉપલેટા તાલુકા પંચાયતમાં તે પક્ષની સત્તા બનવાની નક્કી હતી. અંતે ચંદુભાઈ જાદવે ભાજપનો (BJP) ખેસ પહેરતા ભાજપનું સંખ્યાબળ ૯ થઈ ગયું છે, જ્યારે કોંગ્રેસ ૮ બેઠકો પર જ રહી ગઈ છે. આ સાથે હવે ઉપલેટા તાલુકા પંચાયત પર ભારતીય જનતા પાર્ટીની સત્તા નિશ્ચિત છે.

ચંદુભાઈ જાદવનું ભાજપમાં જોડાવું એ વાસ્તવમાં તેમની ’ઘર વાપસી’ સમાન છે. અગાઉ તેઓ ભારતીય જનતા પાર્ટીના સંગઠનમાં તાલુકા ભાજપના મંત્રી તરીકે કામ કરી ચૂક્યા છે.

ગત ચૂંટણી વખતે ટિકિટ ફાળવણીમાં અસંતોષ ઊભો થતાં તેઓ નારાજગીના કારણે આમ આદમી પાર્ટીમાંથી ચૂંટણી લડ્યા અને મોટી પાનેલી બેઠક પરથી જીત્યા હતા. જોકે, હવે તેઓ ફરી પોતાના મૂળ પક્ષમાં પરત ફર્યા છે. નોંધનીય છે કે તેમના પત્ની શારદાબેન જાદવ હાલમાં સરપંચ તરીકે કાર્યરત છે.

# કૈલાશ માનસરોવર યાત્રા માટે ચીનના આકરા પ્રતિબંધો

## માનસરોવર કિનારે જવા, પૂજા કરવા અને કથા પર સંપૂર્ણ પ્રતિબંધ

## આયોજકોની ૧ લાખ ડોલરની ડિપોઝિટમાંથી હવે દંડની રકમ વસૂલાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

કૈલાશ માનસરોવર યાત્રા પર જતા ભારતીય યાત્રાળુઓ અને આયોજકો માટે ચીન દ્વારા નવી આકરી ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. શિવ વંદના ટ્રસ્ટના ડૉ. યશવંત ગોસ્વામીના જણાવ્યા અનુસાર, ચીન દ્વારા ૪ પેજની એડવાઈઝરીમાં ભારતીય યાત્રિકોની આસ્થાની કસોટી કરતા અનેક નવા નિયમો અને પ્રતિબંધો લાદવામાં આવ્યા છે.



વર્ષ ૨૦૧૭ થી માનસરોવરમાં સ્નાન અને કિનારે યજ્ઞ-પૂજા પર પ્રતિબંધ હતો, પરંતુ હવે યાત્રાળુઓને માનસરોવરના કિનારા સુધી જવાની પણ મનાઈ ફરમાવી દેવાઈ છે. માનસરોવર કિનારે કથા કે પ્રવચન પર પ્રતિબંધ મૂકાયો છે. કથાકાર માત્ર હોલમાં જ પ્રવચન કે પૂજા કરી શકશે, અને ભવનમાં યજ્ઞ કે પૂજા સમયે અગ્નિ પ્રગટાવવાની પણ મનાઈ છે. આ ઉપરાંત કોઈપણ પ્રકારના લોગો, સ્લોગન, QR કોડ કે બેનર પ્રદર્શિત કરવા પર સખ્ત પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

ડૉ. ગોસ્વામીએ જણાવ્યું કે, આ વખતે પાન-માવા, ફાકી, તમાકુ અને સોપારી પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો છે, જેનાથી ગુજરાતી યાત્રિકોને સૌથી વધુ તકલીફ પડશે. જો કોઈ યાત્રિક પ્રતિબંધિત વસ્તુઓ સાથે પકડાશે તો તેની સાથે આખા ગ્રુપને ભોગવવું પડશે. આ સિવાય શરાબ, માંસ, પ્રાણીજન્ય પેદાશો, દૂધ-ડેરી ઉત્પાદનો, ઈંડા, તાજા ફળ, શાકભાજી, જ્વલનશીલ વસ્તુઓ અને ગેસ સિલિન્ડર લઈ જવા પર સખ્ત મનાઈ છે.

આયોજકો માટે પણ નિયમો કડક કરાયા છે. વર્ષ ૨૦૨૫ થી આયોજકો પાસેથી ૧,૦૦,૦૦૦ ડોલર ડિપોઝિટ પેટે લેવાય છે, જેમાંથી હવે નિયમ ભંગ બદલ દંડની રકમ વસૂલાશે. યાત્રાના રૂટ પર નિયંત્રિત વિસ્તારમાં વિડિયો કે ફોટોગ્રાફી કરવા, પરવાનગી વગર ગ્રુપ છોડવા કે એકલા યાત્રા કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે.

અગાઉ પરમિટ બાદ ૩ થી ૪ દિવસમાં વિઝા આવી જતા હતા, પરંતુ હવે નવી સિસ્ટમમાં ૧૦ થી ૧૨ દિવસનો સમય લાગી શકે છે. ૧ મહિના પૂર્વે ભારતીય રસોડું લઈ જવા પર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો, પરંતુ શિવ વંદના ટ્રસ્ટના ઉગ્ર વિરોધ બાદ તે નિર્ણય મોકૂફ રખાયો છે. આ યાત્રા અંગેની વધુ માહિતી માટે ૯૪૨૭૪૯૫૧૭૫ પર સંપર્ક કરી શકાશે.

શ્રી બ્રિજરાજસિંહ ગંભીરસિંહ ગોહિલને
લાખ - લાખ શુભકામનાઓ...
ગુજરાતના ઈતિહાસમાં પહેલી જ વખત પતિ - પત્નિ બંને અપક્ષમાંથી વિજેતા



Bhavnagar Zilla Panchayat Election Victory Moments

ભાવનગર જીલ્લા પંચાયતની ચમારડી (વલ્લભીપુર) બેઠક પરથી અપક્ષ ઉમેદવાર પ્રિયંકાબા બિજરાજસિંહ ગોહિલ (પચ્છેગામ) અને પાટણા (વલ્લભીપુર) બેઠક પરથી અપક્ષ ઉમેદવાર બિજરાજસિંહ ગંભીરસિંહ ગોહિલ (પચ્છેગામ)નો જ્વલંત વિજય થતાં અમારી હૃદયપુર્વક લાખેણી શુભેચ્છાઓ...
શુભેચ્છક
પિયુષભાઈ બાબુભાઈ માટીયા

# રાજકોટમાં ગૌ સન્માન દિવસ નિમિતે ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા માંગ

## ગૌસંત, ગૌભકત, ગૌસેવક, ગૌપાલક, ગૌપુત્ર, ગૌવત્સ અને દરેક ગૌપ્રેમી દ્વારા આવેદનપત્ર અપાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**




આચાર્ય, સંત મહાપુરુષ, ગૌસંત, ગૌભકત, ગૌસેવક, ગૌપાલક, ગૌપુત્ર, ગૌવત્સ અને દરેક ગૌપ્રેમી દ્વારા આગામી તા.૦૭, મે, ગુરૂવારના રોજ ગૌ સન્માન દિવસ' નિમીતે સમગ્ર રાજયમાં ગૌપ્રેમીઓ દ્વારા પોતપોતાના શહેર, ગામમાં, તાલુકાઓમાં વરિષ્ઠ અધિકારીશ્રીઓને ગૌમાતાને રાષ્ટ્રમાતા ઘોષીત કરવા તથા ગૌ હત્યા અટકાવવા અંગે સરકાર દ્વારા કડક કાયદો બનાવવા અંગેનું આવેદન પત્ર તથા ગૌમાતાને લગતી અનેક બાબતો અંગે જાણ કરવા માટે એક ગૌ સન્માન આહવાન અભિયાન શરૂ કરાયું છે.

ગોપાલકો દ્વારા કાનુન સબંધિત મુખ્ય માંગણીઓ કરાઈ છે જેમાં (૧) ગૌ હત્યારાઓ અને ગૌ તસ્કરીમાં જોડાયેલ ગુનેગારો માટે આજીવન કેદ જેવી કઠોર સજાની જોગવાઈ (૨) ગૌ તસ્કરીમાં વપરાતા વાહનો જપ્ત થયા પછી જામીન ન થવા જોઈએ, તેમને કાયમ માટે જપ્ત કરવા તેની હરાજી કરવી અથવા ગૌશાળાઓના ઉપયોગ માટે સોંપવા (૩) કંપનીઓ માટે તેમના CSR ભંડોળમાંથી ચોક્કસ રકમ ગો સેવા પ્રવૃત્તિઓ પર ખર્ચ કરવા માટે ફરજિયાત કરવામાં આવે. (૪) સિંગલ-યુઝ પોલીથીન કેરી બેગના ઉપયોગ પર સખત પ્રતિબંધ મૂકવો અથવા ઉપયોગ પછી તેનો યોગ્ય રીતે નિકાલ કરવો . (૫) પશુ મેળાના નામે ગેરકાયદેસર ગૌ તસ્કરીને રોકવા માટે કેન્દ્રીય કાયદો ઘડવા માંગ કરાઈ છે.

# જુનિયર ટપુ ફેમ જેનિશ બુદ્ધદેવનો આજે જન્મદિવસ



**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતી ફિલ્મ અને હિન્દી સિરિયલોના જાણીતા યુવા કલાકાર અને 'જુનિયર ટપુ' તરીકે પ્રખ્યાત રાજકોટના જેનિશ બુદ્ધદેવે ૧૯ વર્ષ પૂર્ણ કરી ૨૦માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. બહોળો મિત્ર વર્ગ અને વિશાળ ફેન ફોલોઈંગ ધરાવતા જેનિશને આજે સોશિયલ મીડિયા પર જન્મદિવસની અઢળક શુભકામનાઓ મળી રહી છે.

નાની ઉંમરે મોટી સફળતા મેળવનાર જેનિશે પોતાના જન્મદિવસની અનોખી અને પ્રેરણાદાયક ઉજવણી કરી હતી. તેમણે સદભાવના વૃદ્ધાશ્રમમાં વૃદ્ધોને નાસ્તો કરાવી અને ઝૂંપડપટ્ટીના બાળકોને ભોજન કરાવીને આશિષ મેળવ્યા હતા. તેમના આ જન્મદિવસ પર ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, રાજકોટના સાંસદ પરશોત્તમ રૂપાલા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા અને રાજસ્થાન (જોધપુર) ના ધારાસભ્ય અતુલ ભણસાલી સહિતના દિગ્ગજ નેતાઓએ ટેલિફોનિક શુભેચ્છાઓ પાઠવી હતી.

ધાર્મિક વૃત્તિ ધરાવતા જેનિશને જગવિખ્યાત પ્રેમાનંદજી મહારાજના ગુરુ શ્રી મોહિત મરાલ ગોસ્વામીજી પાસેથી ગુરુદીક્ષા પણ પ્રાપ્ત થઈ છે. બાળપણથી જ એક્ટિંગનો શોખ ધરાવતા જેનિશે મુંબઈમાં ઘણો સંઘર્ષ કર્યો છે અને માત્ર ૧૭ વર્ષની નાની ઉંમરે અભિનય જગતમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

તાજેતરમાં સુપરહિટ થયેલી ગુજરાતી ફિલ્મ 'ધમણ'માં જેનિશનો મહત્વનો રોલ હતો. આ ઉપરાંત તેણે અહલ્યાબાઈ, મેરે સાંઈ, વિઘ્નહર્તા ગણેશ, રાધાકૃષ્ણ અને ભીમરાવ આંબેડકર જેવી અનેક હિન્દી સિરિયલોમાં કામ કર્યું છે. અગાઉ તેઓ મલ્હાર ઠાકર સાથે 'શુભયાત્રા' ફિલ્મનું પ્રમોશન અને ખજૂરભાઈ (નીતિન જાની) સાથે સ્ટેજ પણ શેર કરી ચૂક્યા છે.

હાલમાં મુંબઈ ખાતે એક્ટિંગની વધુ તાલીમ લઈ રહેલા જેનિશની આ સફળતા પાછળ તેમના પિતા ભરતભાઈ બુદ્ધદેવ, માતા દક્ષાબેન, ભાઈ જયદીપ અને ભાભી શ્વેતાબેનનું સતત પ્રોત્સાહન રહેલું છે.



# રાજકોટ HPV રસીકરણમાં 100 ટકા કામગીરીથી રાજ્યમાં પ્રથમ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સર્વાઈકલ કેન્સર સામે રક્ષણ આપતી એચપીવી (HPV) રસીકરણ ઝુંબેશમાં રાજકોટ મહાનગરપાલિકાએ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. ૧૪ થી ૧૫ વર્ષની વયજૂથની ૧૦૬૨૨ કિશોરીઓને રસી આપવાનો લક્ષ્યાંક ૧૦૦ ટકા પૂર્ણ કરીને રાજકોટ સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમે આવી ગયું છે. ગત ૨૪ એપ્રિલ ૨૦૨૬ ના રોજ આ લક્ષ્યાંક પૂર્ણ થતાં રાજ્ય સરકાર દ્વારા રાજકોટ મનપાને આ સિદ્ધિ બદલ વિશેષ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગત ૨૮ ફેબ્રુઆરીના રોજ દેશવ્યાપી HPV રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ અંતર્ગત જે દીકરીઓએ ૧૪ વર્ષ પૂર્ણ કર્યા હોય અને ૧૫ વર્ષ પૂર્ણ ન કર્યા હોય તેવા વયજૂથને રસી આપવામાં આવી રહી છે.

રાજકોટમાં આ ૧૦૦ ટકા કામગીરીની સિદ્ધિ બદલ તંત્રએ શહેરની જાગૃત જનતા, શાળા સંચાલકો, રસી લેનાર દીકરીઓ અને મોટીવેશનમાં મદદ કરનાર તમામ સદસ્યોનો આભાર માન્યો છે. આ કામગીરી અત્યંત ખંતથી કરવા બદલ તમામ આશા વર્કર્સ, ફીમેલ હેલ્થ વર્કર્સ, RBSK ટીમના સદસ્યો, મેડિકલ ઓફિસરો અને આરોગ્ય અધિકારીઓને મનપા કમિશનર તુષાર સુમેરા અને નાયબ કમિશનર સી. કે. નંદાણી દ્વારા અભિનંદન પાઠવી બિરદાવવામાં આવ્યા છે.

# ઈન્કમટેક્સ અધિકારી રવિકુમાર જાંગીડના લાંચ કેસમાં જામીન

## ચાર્જશીટ રજૂ થતાં અને રિકવરી બાકી ન હોવાથી બચાવ પક્ષની દલીલો ગ્રાહ્ય રહી


સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ ઈન્કમટેક્સ વિભાગના આસિસ્ટન્ટ એકાઉન્ટ ઓફિસર રવિકુમાર જાંગીડની એસીબી (ACB) પોલીસ સ્ટેશન દ્વારા લાંચના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. આ હાઈપ્રોફાઈલ કેસમાં જેલવાસ ભોગવી રહેલા આરોપી દ્વારા જામીન પર મુક્ત થવા માટે સ્પેશિયલ એસીબી કોર્ટમાં અરજી કરવામાં આવી હતી, જેની સઘન કાનૂની સુનાવણી બાદ નામદાર અદાલતે તાજેતરમાં આરોપીને શરતી જામીન પર મુક્ત કરતો મહત્વનો હુકમ ફરમાવ્યો છે.

આ લાંચ કેસની વિગતવાર હકીકત એવી છે કે, આ કેસના ફરિયાદી એક નિવૃત્ત અધિકારી છે. તેમની નોકરીના કાર્યકાળ દરમિયાન સરકાર તરફથી મળવાપાત્ર પગાર અને એરિયર્સ બિલની માતબર રકમ મંજૂર થઈ હતી. આ રકમની સરળતાથી ચુકવણી કરવાના વહીવટ પેટે આરોપી રવિકુમાર જાંગીડે ફરિયાદી પાસે શરૂઆતમાં ૮૦૦૦૦ રૂપિયાની માતબર લાંચની માંગણી કરી હતી. જોકે, બંને પક્ષો વચ્ચે



એડવોકેટ અપૂર્વ એન. મહેતા



એડવોકેટ જયદીપ એમ. કુકડિયા

લાંબી રકઝક અને વાટાઘાટોના અંતે ૫૦૦૦૦ રૂપિયાની લાંચ આપવાનું નક્કી થયું હતું. આ નક્કી થયેલી રકમ પૈકી ૫૦૦૦ રૂપિયા ફરિયાદી દ્વારા આરોપીને અગાઉ જ આપી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ બાકી રહેતી લાંચની રકમ ૪૫૦૦૦ રૂપિયા ફરિયાદી આપવા માંગતા ન હોવાથી, તેમણે લાંચિયા અધિકારીને પાઠ ભણાવવા સીધો એસીબીનો સંપર્ક કર્યો હતો.

ફરિયાદીની સચોટ ફરિયાદના આધારે એસીબીની ટીમે ઈન્કમટેક્સ ઓફિસની બહાર જ લાંચના છટકાનું સુવ્યવસ્થિત આયોજન કર્યું હતું. આ ટ્રેપ દરમિયાન આરોપીએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી હતી અને પોતાના ૧ સહઆરોપી મારફત પંચની હાજરીમાં લાંચની રકમ સ્વીકારતા તે રંગેહાથ પકડાઈ ગયો હતો. જાહેર સેવક તરીકેના પોતાના જવાબદાર હોદ્દાનો સરેઆમ દુરુપયોગ કરવા અને ગુનાહિત વર્તણુક આચરવા બદલ આરોપીની ધી પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ ૧૯૮૮ ની કલમ ૭, ૧૨, ૧૩(૧) અને ૧૩(૨) જેવા ગંભીર ગુનાઓ સબબ સત્તાવાર ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ બાદ આરોપીને સ્પેશિયલ એસીબી કોર્ટમાં રજૂ કરી તપાસ અધિકારી દ્વારા રિમાન્ડની માંગણી કરાતા અદાલતે ૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા અને ત્યારબાદ આરોપીને જેલ હવાલે કરવામાં આવ્યો હતો.

જેલવાસ દરમિયાન જામીન મેળવવા માટે આરોપી દ્વારા પોતાના વકીલ મારફત રાજકોટની સ્પેશિયલ એસીબી કોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. આ જામીન અરજીની સુનાવણી આવતા બચાવ પક્ષના વકીલ દ્વારા ધારદાર રજૂઆત કરવામાં આવી હતી કે, અરજદાર આરોપી પાસે ફરિયાદીનું કોઈ જ કામ ફરિયાદના સમયે પેન્ડિંગ ન હતું અને ફરિયાદમાં જે પગાર-એરિયર્સની વાત છે તે રકમ પણ પહેલેથી જ ફરિયાદીને ચૂકવી આપવામાં આવી હતી. આમ, કાયદાની દ્રષ્ટિએ કરપ્શન કેસ માટેના જરૂરી આવશ્યક તત્વો આ ગુનામાં ફલિત થતા નથી તેવો બચાવ લેવામાં આવ્યો હતો. વધુમાં દલીલ કરવામાં આવી હતી કે પોલીસ તપાસ પૂર્ણ થઈ ગઈ છે, આરોપી પાસેથી કોઈ રિકવરી કે ડિસ્કવરી બાકી રહેતી નથી અને ચાર્જશીટ પણ કોર્ટમાં દાખલ થઈ ગઈ છે. બચાવ પક્ષે સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત જામીન માટેના 'ત્રિપલ ટેસ્ટ' ના સિદ્ધાંતોને ટાંકીને વિવિધ ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ રજૂ કરી આરોપીને જામીન આપવા ભારપૂર્વક માંગ કરી હતી.

સામે પક્ષે, સરકારી વકીલ દ્વારા આ જામીન અરજીનો સખત વિરોધ કરવામાં આવ્યો હતો. સરકાર પક્ષે દલીલ કરી હતી કે આરોપી સામે પ્રથમ દર્શનીય મજબૂત કેસ છે અને ૧ સરકારી અધિકારી તરીકે તેણે અત્યંત ગંભીર ગુનો આચર્યો હોવાથી સમાજમાં ખોટો દાખલો ન બેસે તે માટે જામીન નામંજૂર કરવા જોઈએ.

ઉપરોક્ત બંને પક્ષોની લાંબી કાનૂની દલીલો સાંભળ્યા બાદ, સ્પેશિયલ એસીબી કોર્ટે બચાવ પક્ષની દલીલો અને કાયદાકીય જોગવાઈઓને માન્ય રાખીને અરજદાર આરોપીને કડક શરતોને આધીન જામીન પર મુક્ત કરતો હુકમ ફરમાવ્યો છે. આ મહત્વપૂર્ણ કેસમાં અરજદાર ઈન્કમટેક્સ અધિકારી વતી ગુજરાત હાઈકોર્ટના જાણીતા ધારાશાસ્ત્રી અપૂર્વ એન. મહેતા તથા જયદીપ એમ. કુકડિયા કાનૂની લડત માટે રોકાયેલા હતા.

# ગોંડલના મોવિયા ગામે જબરું જમીન કૌભાંડ

સિટી ન્યૂઝ@રાજકોટ

ગોંડલના મોવિયા ગામની કિંમતી જમીન પડાવી લેવા કારસો રચાયો હતો અને કૌભાંડીઓએ ખોટી ઓળખ આપી દસ્તાવેજ બનાવી લેતાં ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.બોગસ ચૂંટણી કાર્ડ સહિતના દસ્તાવેજ બનાવી મૂળ માલિક હોવાની ઓળખ આપી સાક્ષી પણ ડુપ્લીકેટ ઉભા કરી દીધા હતા.

બનાવ અંગે બાબરાના પાનસડા ગામે રહેતા જીતેન્દ્રભાઈ ભાઈલાલભાઈ મહેતા (ઉ.વ.૬૬) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ભાવનાબેન.કે.ચાવડા (રહે.દેરડી ગોંડલ), તુષાર નરોત્તમદાસ દુદાણી (રહે. આસોપાલવ સોસાયટી, ગોંડલ), વિપુલગીરી ગોસ્વામી (રહે.મોવિયા, ગોંડલ), ઉત્તમસિંહ અભેસિંહ રાઠોડ (રહે.મનહર પ્લોટ/૭ રાજકોટ) તેમજ વેંચાણ દસ્તાવેજ કરનાર અજાણ્યા પુરુષ અને મહિલાનું નામ આપતા ગોંડલ તાલુકા પોલીસે ભારતીય ન્યાય સંહીતા ની કલમ-૩૩૬(૨),૩૩૬(૩), ૩૩૮,૩૪૦(૨),૬૧(૨) મુજબ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ખેતીકામ કરે છે. તેઓને બગસરાના નવા વાઘણીયા ગામે રહેતા કાંતિભાઈ નંદલાલ પાઠક અને મધુબેન કાંતિભાઈ પાઠકે પોતાની મોવિયા ગામે આવેલ સર્વે નંબર ૧૦૦ પૈકી ૧ પૈકી ૩ ની ૧-૮૯-૧૬ હેકટર જમીનનો તમામ પ્રકારનો વહીવટ કરવા કુલમુખત્યાર નામું કરી આપેલ હતું. ગઈ તા. ૩-૧૦-૨૦૨૫ થી તા. ૨૨-૧૨-૨૦૨૫ દરમ્યાન આરોપીઓએ પોતાનો એક સમાન ગુનાહિત ઈરાદો પાર પાડવા પૂર્વ આયોજિત કાવતરું રચી ફરિયાદી કે જમીનના મૂળ માલિકની જાણ બહાર આરોપી અજાણી મહિલા અને પુરુષે મૂળ માલિક કાંતિભાઈ પાઠક તથા મધુબેન પાઠકના ખોટા નામ ધારણ કરી બોગસ ચૂંટણી કાર્ડ મેળવી તેમજ આરોપી ભાવનાબેન, તુષાર, વિપુલગીરી અને ઉત્તમસિંહએ સાક્ષી તરીકે રહી અજાણા વ્યક્તિઓએ કાંતિભાઈ પાઠક અને મધુબેન છે તેવી રજીસ્ટ્રાર રૂબરૂ ખોટી ઓળખ આપી કિંમતી બનાવટી બોગસ દસ્તાવેજ બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કર્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાયા બાદ આઈપીએસ પ્રખરકુમાર અને ટીમે તપાસ આદરી હતી.

# ઈરાનનો પ્રસ્તાવ ટ્રમ્પે ફગાવ્યો, પરમાણુ મુદ્દે આકરી ચેતવણી

## પાગલોના હાથમાં એટમ બોમ્બ ન આપી શકાયઃ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ

» ઈરાનના નવા પ્રસ્તાવમાં પરમાણુ મુદ્દાનો ઉલ્લેખ ન હોવાથી અમેરિકા નારાજ

» કોંગ્રેસની મંજૂરીથી બચવા અમેરિકાએ યુદ્ધ સમાપ્તિની સત્તાવાર જાહેરાત કરી

**સિટી ન્યૂઝ@વોશિંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે યુદ્ધ રોકવાની ઓફરને ફરી એકવાર ફગાવી દીધી છે. ફ્લોરિડામાં ૧ કાર્યક્રમ દરમિયાન ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે અમેરિકા પાગલોના હાથમાં પરમાણુ હથિયારો આપી શકે નહીં. તેમણે દાવો કર્યો કે ઈરાન સાથે યુદ્ધ કરીને અમેરિકાએ ઈઝરાયલ, યુરોપ અને મિડલ ઈસ્ટને પરમાણુ ખતરાથી તબાહ થતાં બચાવી લીધા છે. ઈરાને ૨૬ અને ૨૭ એપ્રિલે યુદ્ધ રોકવા માટે નવો પ્રસ્તાવ મોકલ્યો હતો, પરંતુ તેમાં પરમાણુ મુદ્દાનો કોઈ જ ઉલ્લેખ ન હોવાથી ટ્રમ્પે તેને ઠુકરાવી દીધો છે. ટ્રમ્પ ઈચ્છે છે કે ઈરાન વાતચીત માટે આવતા પહેલા પોતાનું એનરિચ્ડ યુરેનિયમ સોંપી દે.

બીજી તરફ, અમેરિકામાં યુદ્ધના કાયદાને લઈને મોટો રાજકીય વિવાદ સર્જાયો છે.



અમેરિકી ૧૯૭૩ ના વોર પાવર્સ કાયદા મુજબ રાષ્ટ્રપતિએ ૬૦ દિવસની અંદર કોંગ્રેસ પાસેથી યુદ્ધની મંજૂરી લેવી પડે છે, જેની સમયમર્યાદા ૧ મેના રોજ પૂરી થઈ ગઈ છે. આ કાયદાની મર્યાદાથી બચવા વ્હાઈટ હાઉસે સંસદને સત્તાવાર રીતે પત્ર લખીને જણાવી દીધું છે કે ઈરાન યુદ્ધ હવે સમાપ્ત થઈ ગયું છે, ભલે ત્યાં અમેરિકી સેના હજુ પણ હાજર હોય. જોકે, ટ્રમ્પે વિવાદ વધારતા કહ્યું છે કે ઈરાન વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી ચાલુ રાખવા માટે તેમને સંસદની મંજૂરીની કોઈ જ જરૂર નથી.

યુદ્ધ અને તણાવની સ્થિતિ વચ્ચે ખાડી ક્ષેત્રમાં ભારે નુકસાનીના અહેવાલો પણ સામે આવ્યા છે. રિપોર્ટ મુજબ, ઈરાને ૮ દેશોમાં આવેલા ઓછામાં ઓછા ૧૬ અમેરિકી સૈન્ય ઠેકાણાઓને ડ્રોન અને મિસાઈલ હુમલાઓથી ભારે નુકસાન પહોંચાડ્યું છે. જ્યારે સામે પક્ષે, અમેરિકી દરિયાઈ નાકાબંધીના કારણે ઈરાનની તેલ સપ્લાય ખોરવાઈ ગઈ છે, જેનાથી ઈરાનને ૪.૮ અબજ ડોલર (લગભગ ૪૫૬ અબજ રૂપિયા) નું મસમોટું આર્થિક નુકસાન વેઠવું પડ્યું છે. આ નાકાબંધીના કારણે હોર્મુઝમાં જહાજોનો ટ્રાફિક ૯૦ ટકા જેટલો ઘટી ગયો છે.

### અમેરિકા દ્વારા F-16 રડાર અપગ્રેડેશન માટે નવો કોન્ટ્રાક્ટ



અમેરિકી વાયુસેનાએ F-૧૬ વિમાનોના રડાર અપગ્રેડેશન માટે ૪૮૮ મિલિયન ડોલરના નવા કોન્ટ્રાક્ટની જાહેરાત કરી છે. આનાથી પાકિસ્તાન સહિત અમેરિકાના અનેક સહયોગી દેશોને ફાયદો થશે અને પાકિસ્તાની F-૧૬ વિમાનો ૨૦૪૦ સુધી કાર્યરત રહી શકશે.સંરક્ષણ કંપની નોર્થરોપ ગ્રુમન આ કોન્ટ્રાક્ટ હેઠળ 'APG-૬૬' અને 'APG-૬૮' રડાર સિસ્ટમને અત્યાધુનિક સપોર્ટ આપશે. મેરીલેન્ડમાં થનારું આ અપગ્રેડેશન માર્ચ ૨૦૩૬ સુધી ચાલશે, જેના માટે શરૂઆતમાં ૨.૬૪ મિલિયન ડોલર ફાળવાયા છે.અમેરિકાના FMS પ્રોગ્રામ હેઠળ પાકિસ્તાન ઉપરાંત બહેરીન, ઈઝરાયલ, ઈજિપ્ત અને તુર્કિયે સહિત અન્ય ૨૦ જેટલા દેશોને આ સપોર્ટનો લાભ મળશે.

# અમેરિકાએ ભારતને 657 પ્રાચીન ચોરાયેલી મૂર્તિઓ પરત કરી

**સિટી ન્યૂઝ@ન્યૂયોર્ક**

અમેરિકાએ ભારતને અંદાજે ૧૨૦ કરોડ રૂપિયાથી વધુની કિંમતની ૬૫૭ દુર્લભ અને પ્રાચીન મૂર્તિઓ પરત કરી છે. આ અમૂલ્ય વારસો સુભાષ કપૂર અને નેન્સી વીનર જેવા આંતરરાષ્ટ્રીય તસ્કરો દ્વારા ભારતમાંથી ચોરી કરીને અમેરિકા લઈ જવામાં આવ્યો હતો.

મેનહટન ડિસ્ટ્રિક્ટ એટર્ની એલ્વિન બ્રેગ અને ભારતીય કોન્સ્યુલ જનરલ રાજલક્ષ્મી કદમની હાજરીમાં આ મૂર્તિઓ સોંપાઈ હતી. આ ઐતિહાસિક વારસો ભારતને ત્રણ તબક્કામાં પરત મળ્યો છે. નવેમ્બર ૨૦૨૪ માં ૬૧૨ મૂર્તિઓ અને જુલાઈ ૨૦૨૫ માં ૨૬ મૂર્તિઓ પરત કરાઈ હતી. તાજેતરમાં ૨૮ એપ્રિલ ૨૦૨૬ ના રોજ વધુ ૧૯ મૂર્તિઓ ભારતને સોંપાઈ છે, જેમાંની ૧૭ મૂર્તિઓ સીધી રીતે તસ્કર સુભાષ કપૂર સાથે જોડાયેલી છે. નિષ્ણાતોના મતે હજુ પણ ભારતમાંથી ચોરાયેલી ૧૦૦૦ થી વધુ કલાકૃતિઓ પરત લાવવાની બાકી છે. અમેરિકન એજન્સી HSI અને ભારત સરકાર આ માટે સઘન પ્રયાસો કરી રહ્યા છે. આ ઐતિહાસિક વારસાની વાપસી બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આનંદ વ્યક્ત કર્યો છે. આ સંગ્રહમાં ૧૭ કરોડ રૂપિયાની કિંમત ધરાવતી અવલોકિતેશ્વરની કાંસ્ય પ્રતિમા સામેલ છે, જે ૧૯૮૨ માં છત્તીસગઢના રાયપુર મ્યુઝિયમમાંથી ચોરાઈ હતી અને ૨૦૨૫ માં જપ્ત કરાઈ હતી. આ ઉપરાંત ૬૩ કરોડ રૂપિયાની લાલ બલુઆ પથ્થરની બુદ્ધની પ્રતિમા અને વર્ષ ૨૦૦૦ માં મધ્ય પ્રદેશમાંથી ચોરાયેલી નૃત્ય કરતા ગણેશની પથ્થરની મૂર્તિ પણ પરત મળી છે.

